Chapter. 4

પ્રકરણ : ૪

અખો અને તુકારામ

૪.૧ અખાજી અને તુકારામની હિન્દી પદ રચનાઓ

૪.૨ સાહિત્યના ઈતિહાસમાં સ્થાન

૪.3 તત્વજ્ઞાન - સામ્ય વૈષમ્ય

પ્રકરણ : ૪.

૪.૧ અખો અને તુકારામની હિન્દી પદ રચનાઓ

જન્મે અને ખોળિયે ગુજરાતી એવા અખાએ ગુજરાતી ભાષામાં જે અનુપમ કાવ્ય સર્જન કર્યું છે તે આપણે આગળ જોયું. અખાએ પોતાના જીવનકાળ દરમ્યાન કેટલીક હિન્દી કાવ્યરચનાઓ પણ કરી છે. સંખ્યાના પ્રમાણમાં ગુજરાતી કરતાં ઓછી હોવા છતાંય આ હિન્દી પદ રચનાઓ અખાની આગવી શૈલીને કારણે તેનાં ગુજરાતી સર્જન જેટલી જ કાવ્યાત્મક, અનુભવસિદ્ધ અને તત્ત્વજ્ઞાનથી સભર એવી છે. અખાએ હિન્દી પદરચનાઓ ક્યારે-કેવા સંજોગોમા કરી તે વિગતે જોઈએ.

અખાનો સમય તે મોગલકાળ હતો. મોગલકાળમાં ભારતમાં હિન્દી, ફારસી, ઉર્દુ જેવી ભાષાઓ અને તેના શબ્દો જનસમાન્યનાં વ્યવહારમાં સ્વાભાવિકપણે જ વણાઈ ગયા હતા. અખો અમદાવાદમા ટંકશાળામાં ઉપરી હતો, ત્યારે અથવા બ્રહ્મ સાક્ષાત્કાર પહેલાનાં સમયથી કદાચ તે ઘણુંખરું હિન્દી જાણતો હશે, સમજતો હશે, એવું એક અનુમાન કરી શકાય છે. કારણકે તેણે હિન્દી પદોની રચનામાં વ્યકત કરેલી ભાષા કોઈ નવા નિશાળીયા જેવી લાગતી નથી અથવા તો એમ કહી શકાય કે નવેસરથી ભાષા શીખીને પછી રચનાઓ કરી છે એમ પણ નથી. તેને શરુઆતથી જ હિન્દી ભાષાનો ખ્યાલ હતો.

તે ઉપરાંત અખાના સમયમાં એટલે કે મધ્યકાળમાં હિન્દી-વ્રજ ભાષાનું સ્થાન ઘણું ગૌરવવંતુ ગણાતું હતું એને કારણે ઘણા હિન્દી ન હોય તેવા સર્જકોએ પણ પોતાની કૃતિઓ તે સમયે હિન્દીમાં સર્જી હતી. ગુજરાતીમાં પણ કેટલાક કવિઓએ હિન્દી-વ્રજ ભાષામાં કાવ્યોનું સર્જન કર્યું જ છે. મધ્યકાળ એ ભક્તિયુગ હતો તેથી તેમા સંત-સાહિત્યનો પ્રચાર ઘણા મોટા પાયે થયો હતો. ઉત્તરભારતના સંતોએ રચેલાં અનેક પદો-ભજનો ઘણે ઠેકાણે ભકત મંડળીઓ દ્વારા પ્રચાર પામ્યાં હતાં, લોકો ઉલ્લાસથી હિન્દી ભજનો-પદો ગાતા હતા. સદ્‌ગુરુની શોધમાં નિકળેલા અખાએ ઘણું ભ્રમણ કર્યું હતું. તે ઠેર-ઠેર ભટકયો હતો. તે ગોકુળ કાશીમાં પણ રહ્યો હતો. તે દરમ્યાન ઈશ્વર અથવા આત્મજ્ઞાનની પ્રાપ્તિની તેની ઝંખના અતિ ઉત્કટ અતે તીવ્ર બની ચૂકી હતી. તેણે ત્યાં કબીર, સૂરદાસ, તુલસીદાસ જેવા સંતોની જાણકારી અથવા એમના સાહિત્યનો સંપર્ક થવાથી તેણે તેમનું ગ્રંથ અધ્યયન કર્યું હશે એવી શકયતા નકારી શકાતી નથી. કબીરની સ્પષ્ટ-સરળ વાણીથી એ વધુ પ્રભાવિત થયો

હોય એમ લાગે છે. કબીર એને સૌથી વધુ સ્પર્શ્યો હશે. તેથી કબીરની માફક જ અખાએ પણ 'રમેણી' કાવ્યપ્રકારની રચનાથી હિન્દીમાં કાવ્યો રચવાની શરુઆત કરી હશે. કબીરનો પ્રભાવ અખા ઉપર પડયો હતો. કબીરની નિર્ગુણ પરબ્રહ્મની ભક્તિ સાથે અખો સંમંત છે તે તેના સર્જનો પરથી જોઈ શકાય છે.

અખાએ ગુજરાતીમાં તેમજ હિન્દીમાં વિપુલ પ્રમાણમાં કાવ્યો રચ્યા છે. અખાની હિન્દી રચનાઓમાં 'સંતપ્રિયા' અને ૧૭૦૦ ઉપરાંત જુદાજુદા અંગમા વર્ગીકૃત કરેલી એવી સાખીઓ સૌથી વધારે નોંધપાત્ર છે. અખાની કહી શકાય એવી હિન્દીકૃતિઓમાં સંતપ્રિયા, બ્રહ્મલીલા, એકલક્ષ રમેણી, અમૃતકલા રમેણી, જકડી, ઝૂલણાં, કુંડલિયા, સાખીઓ, પદ ભજન વગેરેનો સમાવેશ થાય છે. આ તમામ કૃતિઓમાંથી કુંડલિયામાંના કેટલાંક પદો ગુજરાતી ભાષામાં છે તેમજ ઝૂલણાની ભાષા પંજાબી-સિંધી મિશ્રિત છે. જકડી કે જેને પદોનો જ એક પ્રકાર ગણવામાં આવે છે તેને 'એકલક્ષ રમેણી' એવું નામ આપવામાં આવ્યું છે. તેનો અડધો ભાગ સાખીઓમાં એક અંગ તરીકે જોવા મળે છે. અખાને મન અવ્યક્ત, અચિંત્ય, અવિકારી, અખંડ અને સનાતન એવા પરબ્રહ્મને પામવાની કલા તે અમૃતકલા છે. આ અમૃતકલાને અખાએ ૨૭ કડીઓમાં વહેંચી છે. સંતપ્રિયાની રચના અખાએ સંતો માટે કરી હોવાનું જણાઈ આવે છે કારણકે તેમાં સંતોને પ્રિય એવા અધ્યાત્મનું નિરૂપણ કરવામાં આવ્યું છે. સંતપ્રિયા એ દોહા, કવિતા અને સવૈયામાં રચાયેલી અખાની નોંધપાત્ર હિન્દી રચના છે. અખાએ રચેલી સંતપ્રિયા, બ્રહ્મલીલા, અમૃતકલા રમેણી, ઝૂલણાં કુંડળિયા જેવી રચનાઓ તેની ગુજરાતી રચનાઓ જેમકે અનુભવબિંદુ, અખેગીતા, ચિત્તવિચાર સંવાદ જેટલી જ મહત્ત્વની છે. અહીં મુખ્યવાત એ છે કે અખો પોતાની ભાષા જ બદલે છે, વિચાર નહીં. એની ઉપમાશક્તિ, કટાક્ષો, સમજુતી અને બ્રહ્મજ્ઞાનનું નિરૂપણ બંને ભાષાઓમાં એકસરખી રીતે જ થયેલું જોવા મળે છે.

૧૦૭ જેટલી કડીની દોહા કવિતામાં અને સવૈયામાં રચાયેલી 'સંતપ્રિયા' કૃતિને અખાની સૌથી નોંધપાત્ર હિન્દી રચના ગણાવી શકાય. 'સંતપ્રિયા' તેના નામ પ્રમાણે જ ગુણો વ્યક્ત કરે છે. અખો જેમ ગુજરાતીમાં કહે છે કે, 'સેવો હરિગુરુસંતને' તેવી જ રીતે હિન્દીમાં તે સંતપ્રિયામાં વ્યક્ત કરે છે કે,''સંતોને પ્રિય માનો અને સંતોને પ્રિય થાઓ.'' સદ્‌ગુરુ કે સંતની કૃપા વગર જ્ઞાનનો બોધ થતો નથી. જો સદ્‌ગુરુ જ્ઞાની હોય અને સાથે-સાથે હરિકૃપા પણ વરસે તો પરમતત્ત્વને આત્મસાત કરી શકાય છે એમ અખો વર્ણવે છે. પોતાના કાવ્યસર્જનને અખો ઈશ્વરકૃપા તરીકે ઓળખાવે છે. સ્વાનુભવથી વધુ સઘન થવાય એમ તે સમજાવે છે અને જીવ, જગત, દેહની માયામાંથી મુક્ત થવાનું કહે છે, કારણકે આ બધા ઈશ્વરપ્રાપ્તિ/બ્રહ્મપ્રાપ્તિ આડે આવતા વિઘ્નો છે. ધન,સત્તા, યૌવનનું અભિમાન છોડીને મોહનિંદ્રામાંથી જાગીને, મિથ્યાભિમાન ત્યજી અંતરમાં વસતા હરિને ઓળખવાનું અખો કહે છે. મનને ઉદ્દેશીને અખાએ પોતાની આ વાતને વ્યક્ત કરતા કહ્યું છે કે,

''रे मन ! राम रहे न पहेचान्यो तुं,
कवन निंद सोये रे गुमानी,
ओस को नीर यह तन मन जोबन,
ज्युं धन में बीजली–मुसकानी,
ताहीं में मोती तु प्रोई ले ले प्रानी,
हंसकला गुरुदेवे अखो कहे,
न्यारा कहे दूध, रहे पानी का पानी !''[1]

અહીં અખો માનવજન્મની ક્ષણિકતા સમજાવતાં કહે છે કે જેમ આકાશમાં ઘનઘોર વાદળાં હોય ત્યારે વીજળીનો ચમકારો ક્ષણભરમાં જ થઈ જતો હોય છે, એવું જ માનવ જન્મનું છે. આ ક્ષણિક અજવાળાની ક્ષણમાં પરમાત્મા રૂપી મોતી પરોવી લેવાનું અખો કહે છે. આ ક્રિયા ત્યારે જ શક્ય બનશે કે જ્યારે સદ્‌ગુરુની કૃપાથી બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ થાય. બ્રહ્મજ્ઞાન વિના મનુષ્ય નરમાંથી મૂઢપશુ જેવો બનીને સંસારમાં ભટકતો રહે છે, જીવન વ્યર્થ વ્યતિત કરતો હોય છે. સંસારના ક્ષણિક સુખોમાં રાચીને સાચા તત્ત્વને ઓળખતો નથી, કર્મોના બંધનથી બંધાયેલો રહે છે. હું પણાનાં અભિમાનમાં બધુ ગુમાવી બેસે છે. અખો કહે છે કે હું પણું ટાળીને ભક્તિ માર્ગે જઈએ તો अहं ब्रह्मास्मि અનુભૂતિ ચોક્કસ થશે. ટૂંકમાં સંત પ્રિયામા અખો અંતરમનને જાગૃત થવાનું કહે છે.

'સંતપ્રિયા' કૃતિ વિશે પ્રો. ડૉ.રમણલાલ પાઠક કહે છે તેમ, ''ઉપલબ્ધ ભારતીય સંતસાહિત્યમાં અખાકૃત 'સંતપ્રિયા' અભિનવ નામ સંયુકત અને વિશિષ્ટ રચના છે તે ઉપરાંત સંતપ્રિયા અપૂર્ણ હોવાને કારણે તેની કોઈ સ્પષ્ટ અને સ્વતંત્ર ફ્લશ્રુતિ નથી. જોકે તેનાં પ્રારંભના ચોથા દોહાને એ ગ્રંથની ફ્લશ્રુતિ તરીકે ગ્રહણ કરી શકાય એમ છે. સંતપ્રિયામાં પ્રત્યક્ષ જ્ઞાન પ્રાપ્ત કરવાની મહત્તા, સદ્‌ગુરુની શરણાગતિની આવશ્યકતા, બ્રહ્માનંદની મૌજનું ઉત્ફુલ્લ વર્ણન, મનુષ્યની સંસાર પ્રત્યેની આસક્તિ અને દેહભાવના, દેહની ક્ષણભંગુરતા વગેરે અનેક વિધ વિષયોનું વર્ણન છે. ઉપરાંત આ કૃતિની શૈલી વધુ પઠવ જણાય છે. 'મેઘ વીજળીનું' જે સુંદર રૂપક 'અનુભવ બિંદુ' અને 'બ્રહ્મલીલામાં' અતિ લાઘવપૂર્વક રજૂ થયુ હોવાને કારણે ઉત્તમ બન્યું છે. તેમાંથી કવિની શૈલીગત વિકાસની સ્પષ્ટ સૂચના મળે છે.''[2]

'સંતપ્રિયા'નું મહત્વ જણાવતાં અખો કહે છે...

''संतप्रिया सुखवर्धनी जाके हिरदे हेत,
अखा करत आलोकता आप उलाला देत''।

---

૧. જ્ઞાનીભકત કવિ અખો, ડૉ. નાથાલાલ ગોહીલ, સાહિત્ય સર્જક શ્રેણી, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ પ્રથમ આવૃત્તિ-૨૦૦૭, પૃ. ૫૧
૨. અખો : એક સ્વાધ્યાય, ડૉ. રમણલાલ પાઠક, સાગર પ્રકાશન, વડોદરા, પ્રથમ આવૃત્તિ-૧૯૭૬, પૃ. ૯૭

અર્થાત્ જે જિજ્ઞાસું હૃદયમાં સંતપ્રિયા વાંચવા માટેનું હેત ધારણ કરી એનું અવલોકન એટલે કે અધ્યયન-મનન કરશે તે પોતાની મેળે ઉલાલા એટલે કે ઉલ્લાસ-પ્રસન્નતા પ્રાપ્ત કરશે. પોતાનાં શિવસ્વરૂપનું સંધાન કરાવી રૂપે-અરૂપે ખેલ કરનારા અકળ, અરૂપ એવા પ્રત્યક્ષ સ્વયંપૂર્ણ અણલિંગી પરબ્રહ્મનો અનુભવ કરાવી શકવામાં સમર્થ હોવાથી સંતપ્રિયા જિજ્ઞાસુઓનાં સુખમાં વૃદ્ધિ કરનારી છે.''[3]

'બ્રહ્મલીલા' કૃતિમાં અખાએ જીવ-જગતની ઉત્પત્તિ, વેદાંત તથા સાંખ્ય દર્શન પ્રમાણે કઈ રીતે થઈ છે તેનું નિરૂપણ કર્યુ છે. આ સૃષ્ટિને પરબ્રહ્મની લીલા તરીકે ઓળખાવી તેમાં જીવ અટવાઈ ગયો છે તેની વાત અખો માંડે છે. જીવને મુક્તિ મેળવવા પરબ્રહ્મની લીલામાંથી મુકત થવું જોઈએ તો જ તેનો સંબંધ પરમતત્ત્વ સાથે જોડાય એમ અખો સમજાવે છે. અહીં અખો નિર્ગુણ અને સગુણને એક કરી દર્શાવે છે. પાણીનું બરફમાં રૂપાંતર થાય તેમ, નિર્ગુણનું સગુણમાં રૂપાંતર થાય એવુ ઉદાહરણ આપે છે. નિર્ગુણનું સગુણમાં રૂપાંતર પામવું તેને અંતે તો માનવની બ્રહ્મતત્ત્વને પામવાની, તેના સુધી પહોંચવાની એક યાત્રા તરીકે અખો ઓળખાવે છે. બ્રહ્મ પોતાની માયા-શક્તિથી અનંતરૂપે વિલસી રહ્યું છે છતાં તેને કોઈ રૂપ, ગુણ કે આકાર નથી. આવા અક્ષરાતીત નિરાકારને સંતભકતો પ્રેમાતુર બની વિરહાગ્નિમાં તપીને ગુરુકૃપાથી આત્મ સ્વરૂપનું દર્શન પામે છે. આમ, અખો આવા સરળ દૃષ્ટાંતો દ્વારા આ ભાવને સમજાવે છે.

'' 'બ્રહ્મલીલા' કૃતિ રાગ સામેરી તથા આઠ ચોખારા અને છંદની છન્નુ પંક્તિઓમાં રચિત એવી સળંગ લઘુ રચના છે. છંદ વૈવિધ્ય, આતંરપ્રાસ, અંત્યાનુપ્રાસ વગેરેની દષ્ટિએ પણ બ્રહ્મલીલા અખાનાં હિન્દી ભાષાનાં કવિત્વનું પ્રતિનિધિત્વ કરનારી મહત્વપૂર્ણ કૃતિ છે. 'મેઘ વીજળીનું' જે સુંદર રૂપક 'અનુભવ બિંદુ' અને 'સંતપ્રિયા'માં અખાએ વિસ્તૃત રીતે આપ્યું છે તે 'બ્રહ્મલીલા'માં અતિવ લાઘવપૂર્વક રજૂ થયુ હોવાને કારણે ઉત્તમ બની શકયું છે તેમાંથી અખાની શૈલીગત વિકાસની સ્પષ્ટ સૂચના મળે છે.''[4]

બ્રહ્મના પ્રત્યક્ષ અનુભવ વગર માણસ જે કંઈ કરે છે તે બધુ મિથ્યા છે. જીવનનું પરમ ધ્યેય તો આત્મજ્ઞાન પ્રાપ્તિનું હોવું જોઈએ. મોટું આત્મજ્ઞાન અંગે ગુજરાતી ભાષામાં અખાએ જેવાં સુંદર ઉપમા અને સચોટ દૃષ્ટાંતો આપ્યાં છે તેવાં જ તેણે હિન્દીમાં પણ આપ્યાં છે. પરબ્રહ્મ હરિનું સ્વરૂપ-રહસ્ય તેમજ વિશ્વવસ્તુનો ભેદ દર્શાવી જે અરૂપી-નિર્ગુણ છે તે રૂપવાન થઈ-સગુણ થઈ કેવી લીલા કરે છે તેનું વર્ણન અખાએ તેની આગીવી શૈલીમાં કર્યુ છે. ઉપરાંત તે કહે છે કે જે સાચો મુમુક્ષુ છે તેને જ સદ્ગુરુના સમાગમથી લાભ થવાનો છે પણ દેખાદેખીથી જે ગુરુપાસે જાય તે કશુંય પામી શકતોનથી. જે સાચા છે તેજ આ કાવ્યનું હાર્દ સમજી શકશે, જ્ઞાનમસ્ત બની શકશે બાકી ચકોરની દેખાદેખીમાં અગ્નિનો

૩. સાહિત્યકાર અખો, પ્રેમાનંદ સાહિત્યસભા, વડોદરા નવસંસ્કરિત આવૃત્તિ-૧૯૭૪ ખુશાલચંદ ગ્રંથમાળા, પૃ.૯૫
૪. અખો : એક સ્વાધ્યાય, ડૉ. રમણલાલ પાઠક, સાગર પ્રકાશન, વડોદરા, પ્રથમ આવૃત્તિ-૧૯૭૬, પૃ. ૯૭

ભક્ષ કરવા જતી માખી જેમ જીવ ગુમાવે છે તેવી સ્થિતિ ફળની આશાથી ગુરુ સેવવા જનારની થાય છે. આમ કહીને અખો સાચા સદ્દગુરુ અને જીવગુરુ વચ્ચેનો ભેદ દર્શાવતા કહે છે કે,

- '' देहदर्शी दुनिया अखा, और आतमदर्शी कोय;
  जाको नेन सद्‌गुरु दीये, ताको आतमदर्शन होय।
  (विदेहअंग–पद–6)

- '' अखा जिने सद्‌गुरु मिल्या, सो ठहेर्या निवार्ण;
  पण जीवगुरु जाको मिल्या, सो ताके पाणी पाहाण।
  (विदेहअंग–पद–9)

- '' अखा सो गुरुको खोज ले, जे देखावे राम;
  जे आपे ही भटक्या फिरे, कहा करे अगलेका काम।
  (सद्‌गुरु अंग–पद–7)''[५]

આ ઉપરાંત જગતનો કડવો અનુભવને અખાએ હિન્દીમાં પણ વર્ણવ્યોછે. જેના પરથી તેની હિન્દી રચનાઓ ગુજરાતી સર્જનની સમાંતરે ચાલતી હતી - એવું અનુમાન કરવાના કારણો મળી રહે છે. જેમકે....

- '' दुनिया कटणी कूकरी, काटे सबके पांव;
  कर लाठी ले ज्ञानकी, निरजो हरिगुण गाऊ ॥
  (दुनियाअंग–पद–5)

- '' वंदे पंच, पंनर निंदे, अेही–दुनिया बान;
  दोनुं ठग माया अखा, मत घरे तुं कान ॥''[६]
  (दुनियाअंग–पद–10)વગેરે

સંસારથી-ગૃહસ્થાશ્રમણનો અનુભવ લઈ ચૂકેલો એવો અખો જ્ઞાનપ્રાપ્તિ થયા પછી ગૃહસ્થાશ્રમમાં સાચું સુખ નથી તો પછી જીવન લાંબુ જીવવાનો શો અર્થ ? એવો પ્રશ્ન પૂછે છે. સ્ત્રી-બાળકો, ઘરબાર-મિલ્કત વગેરેનું મમત્વ ખોટી રીતે માયામાં બાંધી રાખે છે એ વાતને અખાએ તેની ચોટદાર વાણીમાં સમજાવી છે.

- '' राम–रसायन अचवत नहीं नर,
  बोहोत जीये तें कीनो काहा भागो रे ?

---
૫. અખો, સંપાદક : રમણલાલ જોશી, ગુજરાતી ગ્રંથકાર શ્રેણી, પહેલી આવૃત્તિ-૧૯૭૮, પૃ.૨૦
૬. એજન, પૃ.૨૨

- धन तन त्रियासुं अेसो जर्यो मन,
  जैसे जर्यो मीनको मन पानी;
  धन तन त्रिपासो छांड जात है,
  और मनकी प्रीत न होत पुरानी।''

(संत प्रिया)''[७]

અખાની 'અમૃતકલા રમેણી' અને 'એકલક્ષ રમેણી' બંને કૃતિઓમાં કે અખાની ચોક્કસ છાપ ઉપસી આવે છે. બંનેમાં ૨૭ ચોપાઈઓ છે. બંનેમાં દરેક છંદ પૂરો થતા પહેલા છંદની પંક્તિની આવૃત્તિ દ્વારા ગાયનની એકસરખી વ્યવસ્થા થયેલી જોવા મળે છે.બંનેની ભાષા હિન્દી હોવા છતાંય વિષયવસ્તુની દષ્ટિએ બંને કૃતિઓ એકબીજાથી સ્વતંત્ર છે.

''અખા પૂર્વેના ગુજરાતી જ્ઞાનમાર્ગી પરંપરાના કોઈપણ કવિએ હિન્દી કે ગુજરાતીમાં રમેણીનાં પદો લખ્યાં હોય એવું જણાયું નથી. તેથી અખાએ અધ્યાત્મ વિષયના નિરૂપણ માટે આ સાહિત્ય સ્વરૂપનો પ્રથમવાર વિનિયોગ કર્યો છે એમ કહી શકાય. અખાનાં શિષ્યો-પ્રશિષ્યો તથા અન્ય કવિઓમાં આ કાવ્યરૂપ 'રમેણી', 'રવેણી'ના નામે સારું એવુ વિકસ્યું છે.''[૮] અમૃતકલા રમેણીમાં શરુઆતમાં જ અખાએ આ કાવ્યને મથાળે રાગ સામેરી લખ્યો છે એટલે આ કૃતિ ગેય છે એ સ્પષ્ટ થાય છે. આ કૃતિમાં બ્રહ્મપ્રાપ્તિ માટે આત્માની એકતા સાધવાનું અખો જણાવે છે.

'અખાએ પરંપરિત ઝૂલણાં છંદમાં ૧૦૬ હિન્દીપદરચનાઓ રચી છે. આ પદોમાં પરમાત્માની પ્રાપ્તિ માટે આત્મા રૂપી ભકત ઈશ્વર પ્રાપ્તિનો વિરહ અને ઈશ્વર પ્રાપ્તિ થયા પછીનો આનંદ-પ્રેમાનુભવ માણે છે તેનું વર્ણન કર્યું છે. તેમાંજ સૃષ્ટિની ઉત્પત્તિ, સંસારની અસારતા અને અદ્વૈતભાવને સમજાવ્યો છે. જકડીમાં માધુર્ય અને કોમળ એવા ઋજુભાવોને પદાવલીઓના રૂપે અખો મૂકી આપેછે જકડી એટલે ચાર ચરણ પછીનું ટેકનું પુનરાવર્તન. (૨+૩+૩+૩+૩ = ૧૪)એવું એનું બંધારણ કહી શકાય. જકડીઓમાં અખાએ પ્રિયા પ્રિયતમ રૂપી આત્મા-પરમાત્માની રહસ્યપૂર્ણ મિલનાવસ્થાની વિવિધ મનઃસ્થિતિઓ અને મુદ્રાઓનાં સુંદર વર્ણન ચિત્રો વ્યકત કર્યા છે. અક્ષયવાણીમાં કુલ ૨૫ કુંડળિયા આપ્યા છે તેમાં અખાએ સાધુક્કડી હિન્દી ભાષા પ્રયોજી છે. તે ઉપદેશ પ્રધાન છે તેમા ગુરુ અને સંતનું મહાત્મ્ય, સત્સંગની અનિવાર્યતા, તત્ત્વજ્ઞાનની મહત્તા, આત્મતત્ત્વવિચાર, જ્ઞાન, ભક્તિ અને યોગ દ્વારા પ્રભુપ્રાપ્તિ કરી શકાય છે તે અનેક દૃષ્ટાંતોથી સમજાવ્યું છે. અખાની હિન્દી કાવ્ય રચનાઓમાં બ્રહ્મ વિષયક બહોળા જ્ઞાનની જ ચર્ચા કરવામાં આવી છે. અહી તેની ભાષા બદલાઈ છે પણ તેની ભાષામાં કેટલી વિશાળતા છે, સહજતા છે તે તેના છૂટક પદોમાંથી સ્પષ્ટ થાય છે.

---

૭. એજન, પૃ.૨૩

૮. અખો : એક સ્વાધ્યાય, ડૉ. રમણલાલ પાઠક, સાગર પ્રકાશન, વડોદરા, પ્રથમ આવૃત્તિ-૧૯૭૬, પૃ. ૧૦૧

અખાએ પોતાના સમગ્ર સર્જનમાં ક્યાંય કોઈની સાથેનાં સબંધને વ્યક્ત કર્યો નથી. ભક્ત-હરિ, આત્મા-પરમાત્મા, ગુરુ-શિષ્યથી વધારે આગળ ન વધનાર'' અખાએ 'અક્ષયરસ'માં વાત્સલ્યભાવની વ્યંજનાનો ઉપયોગ કર્યો છે. તેમાં અખાનાં કાવ્યની વિશેષતા એ છે કે એમાં પુત્ર પ્રતિ માતાના વાત્સલ્ય ભાવનું કથન ન હોઈ પિતાનો વાત્સલ્યભાવ વ્યક્ત કર્યો છે.

- ''भारा भक्त अेसा अखा,
जैसे काला पूत,
बचन बोलत तोतरे,
तब प्यारा अद्‌भुत ।''[९]

અને આમ કહી શકાયકે માનવીય સંબંધોમાં વિશ્વાસ ન રાખાનારા અખાએ ઈશ્વર સાથે પોતાનો પુત્ર-પિતા તરીકેનો સંબંધ વર્ણવી બધાથી 'ઉફરો' ગયો છે. શક્ય છે કે તેણે માતાની મમતા નાનપણમાં ગુમાવી હોવાથી અને પિતા સાથે રહ્યો હોવાથી પિતા-પુત્રનાં સંબંધને તે વધુ સારી રીતે સમજ્યો હોય, તેથી તેણે પિતા-પુત્રનો સંબંધ અહીં નિરૂપ્યો છે.

ગુજરાતીની જેમજ અખાની હિન્દીભાષા ઉપર એવી પકડ હતી કે તેનાં સર્જનોની કેટલીક પંક્તિઓ આજે હિન્દી ભાષાની જાણિતી કહેવતો બની ચૂકી છે. જેમકે,...

– कहे अखा दो कौं रहे म्यान अेक तलवार
– आत्म जान्या बीन अखा ज्यू काठकी तलवार
– बाहर सोना मुठ है पण काटे नही संसार
– हाथको कंकण आन आरसी न चाहीअे વગેરે''[૧૦]

''અખાના કેટલાક હિન્દી પદોમાં મધુર દામ્પત્ય ભાવોનો ઉન્મુક્ત વિલાસ પણ ગોચર થાય છે. પ્રાસાનુપ્રાસ, ઉપમા, રૂપકોથી અલંકૃત એવા પદાવલીવાળાં હિન્દી પદો અખાની કવિપ્રતિભાનાં ઉન્મેષો છે. અખાની ગુજરાતી રચનાઓનું જ અધ્યયન, મનન અત્યાર સુધી થતું રહ્યું હોવાને કારણે અખાને માત્ર મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો પ્રમુખનો જ્ઞાની કવિ માનવામાં આવતો હતો પરંતુ સંખ્યા અને ગુણવત્તાની દષ્ટિએ માતબર એવી અખાની હિન્દી રચનાઓનું અધ્યયન કરવાથી ફલિત થાય છે કે અખો અખિલ ભારતીય કક્ષાએ સન્માન પાત્ર એવા નામદેવ, કબીર, નાનક, દાદૂની હરોળમાં ગુજરાતનાં પ્રતિનિધિ તરીકે બેસી શકે એવો આપણો ગૌરવવંત કવિ છે.''[૧૧] અખાની આ દ્વિભાષી પ્રતિભા ઢંકાઈ ગઈ હોય એવું પ્રતિત થાય છે. કારણકે તેનાં ગુજરાતી સર્જનની પ્રતિભામાં હિન્દી

૯. એજન, પૃ.૨૩૮
૧૦. એજન, પૃ.૨૬૪
૧૧. સાહિત્યકાર અખો, ખુશાલચંદ ગ્રંથમાળા, પ્રેમાનંદ સાહિત્યસભા, વડોદરા નવસંસ્કરિત બીજી આવૃત્તિ-૧૯૭૪, પૃ.૧૧૫

સર્જનનું આગવું અસ્તિત્વ જોઈએ તેટલું પણ પરખાયુ નથી. એમ મને લાગે છે. ગુજરાતી ભાષામાં અખો કહેતા જ 'છપ્પા' નજર સામે આવે છે પણ તેનાં હિન્દી પદો યાદ આવતા નથી. જ્યારે હિન્દી ભાષામાં તેનું આટલું આગવું મૌલિક, ઉત્કૃટ સાહિત્ય સર્જનનું યોગદાન પણ તેની ઓળખ 'ગુજરાતી કવિ' તરીકેની જ છે. જોકે એક વાત અહીં સ્વીકારવી પડે કે અખાએ પોતે સર્જન કરતી વખતે બંને ભાષાઓને સરખો જ ન્યાય આપ્યો છે. પોતાના વિચારોની અભિવ્યક્તિ માટે અખાએ ભાષામાં ભેદ રાખ્યો નથી તે તેની મોટાઈ છે. એમ કહી શકાય. ભાષાને શું વળગે ભૂર ? કહેતા અખાને પોતાની સર્જક પ્રતિભા દર્શાવવા માટે કોઈ એક જ ભાષાનું આલંબન લેવું પડ્યું નથી. જેમ ગુજરાતી ભાષાનાં સર્જનમાં/છપ્પાઓમાં 'કહે અખો' જેવા તેનાં નામદર્શક કે ઓળખરૂપ શબ્દો અખાએ મુકયા છે તેવી રીતે હિન્દીભાષાના તેના સર્જનોમાંથી પણ અંતે તે પોતાના નામ દ્વારા "તે મેં અનુભવ્યું છે એવું સમર્થન આપતો જોવા મળે છે. આત્મકથનાત્મક કે કોઈને ઉદ્દેશીને કંઈ કહેતો હોય એવી પ્રદ્ધત્તિ તેણે હિંદી પદરચનાઓમાં પણ રાખેલી જોઈ શકાય છે. ઉપરાંત ગુજરાતી ભાષાનાં સર્જનોમાં અત્યાર સુધી નિર્ગુણ-નિરાકાર એવા બ્રહ્મને ભજતાં એવા અખાએ તેના હિન્દી પદોમાં 'રામ' ને બ્રહ્મ તરીકે આલેખ્યા છે. અખાનાં હિન્દી સર્જનમાં તેણે રામભક્તિનો મહિમા ગાયો છે એમ કહી શકાય.

તુકારામ જન્મે મહારાષ્ટ્રના કણબી, શાહુકાર હતા. પોતાના સમગ્ર જીવન દરમ્યાન તેઓ (દેહુ) પોતાનાં ગામથી બહાર પંઢરપુર સુધી જ ગયા છે. તેમણે પોતે કંયાય તીર્થાટનો કર્યા હોય, કોઈની દિક્ષા લીધી હોય એવું બન્યુ નથી. કયારેય મહારાષ્ટ્રની બહાર ગયા હોય એવા આત્મપર નિવેદનો, ઉદ્ગારકે તેવા ઉલ્લેખો તેમના જીવન ચરિત્રમાંથી કે સાહિત્ય સર્જનમાંથી મળતા નથી. એટલે આપણને વિચાર આવે કે હિન્દીમાં પદો/અભંગો રચવા જેટલી ભાષા તેમને પોતાનાં સાધકકાળ પહેલાથી જ અવગત હતી ? એનો જવાબ હા માં આપી શકાય એમ છે. કારણકે જે વાત અખાના હિન્દી પદોની રચનામાં લાગૂ પડી છે તેજવાત અહીં તુકારામને પણ લાગુ પડે છે. મુસ્લિમ શાસનને કારણે અથવા કદાચ તત્કાલીન સમાજમાં જનસામાન્ય પ્રજામાં હિન્દી સમજવાવાળી પ્રજાનો મોટો સમુહ હોય તેને કારણે પણ તુકારામે કદાચ હિન્દી ભાષામાં થોડું ઘણું સર્જન કર્યુ હોય એ શકય લાગે છે. તુકારામે મરાઠીની જેમજ એક સળંગ સ્વરૂપમાં, જ્યારે જેવો વિચાર આવ્યો હોય એને અનુષંગે હિન્દી અભંગોનું સર્જન કર્યુ છે. કોઈ ચોક્કસ કૃતિ તુકારામે હિન્દીમાં લખી નથી. અભંગ ગાથાની જેમજ તેમનાં હિન્દી અભંગોમાં વિચારોની અસ્થિરતાને કારણે એકસુત્રતા જણાતી નથી. છતાંય દરેક અભંગ પોતાનો જુદો જ એવો આગવો ભાવ વ્યકત કરે છે એ સ્વીકારવું પડે એમ છે. જ્યાં સુધી ભાષાનો પ્રશ્ન છે ત્યાં એક વાત ચોક્કસ છે કે અખાની જેમ તેમનાં હિન્દી પદોની ભાષા ભલે વ્યાકરણની દષ્ટિએ ઓછી બંધબેસતી હોય પણ તુકારામની અંતરની ઉર્મિઓને, પોતાનાં ભાવને સચોટ રીતે વ્યકત કરવા માટે પૂરેપૂરી સક્ષમ છે.

સંખ્યાની દષ્ટિએ તુકારામે રચેલા હિન્દી પદો/અભંગો ઘણાં ઓછા છે. કોઈપણ પ્રકાશનમાં જોતા તેમનાં હિન્દી પદો-અભંગોની સંખ્યા ૫૦-૫૫થી વધુ નથી. તેમાંય મરાઠી અભંગની જેમ હિન્દી અભંગમાં રચેલાં સ્વરૂપો સાવ નજીવા છે. છતાંય ગુણવત્તાની દષ્ટિએ જોતા તુકારામની હિન્દી પર રચનાઓ તેમનાં મરાઠી સર્જન કરતા જરાય પાછી પડતી નથી. પોતાનાં મનોભાવો, લાગણીઓ, તત્ત્વજ્ઞાનને વ્યકત કરવામાં તુકારામને ભાષાની મર્યાદા નડી નથી. તેમની શૈલી, કથન અને વસ્તુમાં કોઈ ફેરફાર થયો નથી. તે સમયનાં પ્રચલિત એવા અન્ય સાહિત્ય સ્વરૂપોમાં સર્જન કરવાને બદલે તેમણે પોતાનું જેની ઉપર પ્રભુત્વ હતું એવુ અભંગ સ્વરૂપ જ હિન્દીરચનાઓમાં પણ સ્વીકાર્યું છે. થોડીક રચનાઓ પદ સ્વરૂપની પણ છે. તુકારામની દરેક હિન્દી રચના પોતાનો આગવો અર્થ રજૂ કરતી હોવાને કારણે એક-એક એવી રીતે પણ આસ્વાદ્યપુર્ણ બની છે. તેમાં વિષયની વિવિધતત પણ ભરપુર છે. એક બીજીવાત એ પણ ધ્યાન ખેંચે છે કે, અત્યાર સુધીમાં શ્રીવિઠ્ઠલની ભક્તિ કરતા તુકારામે હિન્દી રચનાઓમાં રામને ભજ્યા છે રામ કરેલા પરાક્રમો અને રામનામનો મહિમા ગાયો છે. ઉત્તર ભારતનાં મોટાભાગના મધ્યકાલીન સંતો-મહાત્મા-સર્જકોનું ઉપાસ્ય દૈવત રામ રહ્યા છે તેથી તુકારામે એમની ભાષાની સાથે-સાથે તેમનાં જ ઈશ્વરને શ્રી વિઠ્ઠલનું રૂપ ગણી ભજ્યા છે. એ વાત તુકારામ અને અખા ઉપર પડેલા ઉત્તરભારતનાં સંતો કે સર્જકોનાં પ્રભાવને વ્યકત કરે છે.

હવે અહીં સ્વાભાવિક રીતે જ અખો અને તુકારામનાં હિન્દી પદોમાં સામ્ય-વૈષમ્ય જોવા જોઈએ તો ઘણી બધી સામ્યતાઓ જ જોવા મળે છે. બંને સર્જકોની પોતાની ભાષા અલગ હોવા છતાંય હિન્દી સર્જનમાં પણ કેટલીહદે એકસરખું વિચારે છે, એ વાત આપણને આશ્ચર્ય પમાડે છે. જેમકે 'સંતપ્રિયામાં' અખાએ ગૃહસ્થાશ્રમનું સુખ સાચુ સુખ નથી બહુ લાંબો સમય જીવવાનો કોઈ અર્થ નથી, સ્ત્રી-બાળકોનું મમત્વ છોડી દેવું જોઈએ એ વાતને રજુ કરી છે તો તુકારામે પણ આ અંગે પોતાનો વિચાર વ્યકત કરતા કહ્યું છે કે,

- ''भले रे भाई जिन्हे किया चीज ।
  अच्छा नहिं मिलत बीज ॥
  फीरत फीरत पाया सारा ।
  मीटत लोले धनकी नारा ॥
  तीरथ-बरत फिर आया जोग ।
  नहिं तलमल तुप्त भवरोग ॥
  कहे तुका मैं ताको दास ।
  नहिं सिरभार चलावे पास ॥''[૧૨] (૩૪૭૩)

૧૨. સાર્થ શ્રી તુકારામચી ગાથા, સંપાદક : વિષ્ણુબુવા જોગ મહારાજ. કેશવ ભિકાજી ઢવળે પ્રકાશન, મુંબઈ, પંદરમી આવૃત્તિ જુલાઈ-૨૦૦૩. પૃ-૭૨૮

સર્વ મનુષ્યોમાં જેણે પોતાનો જન્મસાર્થક કરી લીધો છે તેને જ સાચો કહી શકાય. સારી બીજ વારંવાર મળી આવતા નથી અનેક યોનીઓમાં ભ્રમણ કરતા કરતા સૌનો સારરૂપ એવો આ મનુષ્ય દેહ મળ્યો છે. જેમણે સ્ત્રી અને ધનની આસક્તિ છોડી દીધી છે, જેમણે સ્વાર્થનો ત્યાગ કરીને તીર્થો, પર્યટનો કર્યા છે, જેમને દેહ તે હું અને આ દેહનાં સંબંધીઓ તે મારા સંબંધીઓ છે એવી ભાવનાના બોજાને જે પોતાના માથે લઈને ફરતો નથી તેનો હું દાસ થઈને રહું છું.

તો આવા જ અર્થને બીજા શબ્દોમાં વ્યકત કરતા તુકારામે બ્રહ્મ સિવાય કશું જ શાશ્વત નથી તો પછી જીવે આ બધી માયા-મમતા શા માટે રાખવી જોઈએ ? એવો દેહભાવ ટાળવાની વાત કરતા પોતાનાં આ અભંગમાં કહ્યું છે કે,

- ''राम कहो जीवना फल सो ही ।
हरिभजनसुं विलंब न पाई ॥
कवनका मंदर कवनकी झोपरी ।
एक राम बिन सब–ही फूकरी ॥
जीवनकी माया जीवनकी काया ।
एक राम बिन सबहि जाया ॥
कहे तुका सबहि चलनार ।
एक रामबिन नहिं वो सार॥''[૧૩] (૩૪૭૫)

તુકારામ અહીં નામ સ્મરણનો મહિમા કહીને નાશવંત વસ્તુમાં આસક્તિ ન રાખવા માટે સમજાવે છે. રામનાં ભજનમાં જ જીવનની સાર્થકતા છે એટલા માટે હરિનું ભજન કરવામાં આળસ કરવી નહિ. અરે ! ઘર કોનું અને ઝૂંપડુ પણ કોનું ? એક રામ સિવાય બીજું બધું મિથ્યા છે. આ દેહ કોનો છે અને મમતા પણ કોની ઉપર રાખવી ? એક રામ સિવાય બીજું બધુ જ નાશવંત છે અને જો બધું જ નાશવંત છે તો પછી રામ નામ સિવાય બીજા કશામાં સાર નથી એ સમજી લો.

સદ્‌ગુરુનો મહિમા અને આદર અખો અને તુકારામ બંનેમાં સમાનરીતે, બંને ભાષાઓમાં સમાંતરે જોવા મળે છે. જેમ સદ્‌ગુરુના ગુણગાન ગાતા આ સર્જકો થાકતા નથી તેવી રીતે ખોટા, દંભી, બની બેસેલા ગુરુઓને ફટકારવામાં પણ પાછું વળીને જોતા નથી. પ્રેમ અને ગુસ્સો બંનેમાં એકસરખી રીતે જોવા મળે છે જેમકે, અખો કહે છે કે,

- '' देहदर्शी दुनिया अखा, और आतमदर्शी कोय;
जाको नेन सद्‌गुरु दीये, ताको आतुमदर्शन होय । (विदेहअंग–पद–6)

---

૧૩. એજન પૃ. ૭૨૮

- " अखा जिने सद्गुरु मिल्या, सो ठहेर्या निवार्ण;
  पण जीवगुरु जाको मिल्या, सो ताके पाणी पाहाण ।

(विदेहअंग–पद–9)

- " सद्गुरु कारण मुक्तिका, ज्युं भोगका कारण धन;
  तातें सेवो सद्गुरु, जो चाहो रामरतन ।

(सद्गुरु अंग–पद–7)"[१४]

અર્થાત્ જે સાચો જ્ઞાન ઈચ્છુક છે, તેને જ સદ્‌ગુરુના સંગથી લાભ છે બાકી દેખાદેખીથી જે ગુરુ પાસે જાય અથવા જેના અંતરમનમાં જ જ્ઞાનપ્રાપ્તિની અદમ્ય ઈચ્છા થઈ નથી તેવી વ્યક્તિ કશું જ પામી શકતી નથી. જે સાચા જ્ઞાન ઈચ્છુકો છે તેજ આ કાવ્યનું હાર્દ સમજી શકશે. બાકી ચકોરની દેખાદેખીમાં અગ્નિનો ભક્ષ કરવા જતી માખી જેમ જીવ ગુમાવે છે તેવી સ્થિતિ ફળની આશાથી ગુરુ સેવવા જનારની થાય છે. અને આમ, અખો સાચા સદ્‌ગુરુ અને જીવગુરુનો ભેદ દર્શાવી આપે છે.

અખો 'જે દેખાવે રામ' એવા ગુરુને શોધે છે 'સદ્‌ગુરુ વિના કોઈનો પાર ન આવે' એવી તેની દઢ માન્યતા છે. તેની આ વાત તેણે

- " जाको नेन सद्गुरु दीए, ताको आत्मदर्शन होय,

(विदेहअंग–पद–6)

- " अखा जिने सद्गुरु मिल्या हो, सो ठहेर्या निवार्ण;

(विदेहअंग–पद–9) માં દર્શાવ્યું છે. ઉપરાંત અનુભવે એણે જાણ્યું હતું કે

"बिना इश्क हरि ना मिले, ये शिर साटेका खेल"

જગતમાં 'भक्त मिले, ज्ञानी मिले પણ आशक विरला कोय" એવું તે માને છે."[૧૫]

તો બીજી તરફ તુકારામ પણ સદ્‌ગુરુ કોને કહેવાય તે અંગે તેમની શૈલીમા જણાવે છે.

"देखत आंखो झुटा कोरा ।
तो काहे छोरा घरबार ॥
मनसुं किया चाहिए पाख ।
उपर खाक पसारा ।

---

૧૪. અખો સંપાદક : રમણલાલ જોશી, ગુજરાતી ગ્રંથકાર શ્રેણી, પહેલી આવૃત્તિ, સપ્ટેમ્બર-૧૯૭૮, પૃ.૭૦
૧૫. એજન, પૃ. ૪૦

कामक्रोधसो संसार ।

वो सिरभार चलावे ॥

कहे तुका सो संन्यास ।

छोडे भास तनकी हि ॥''[१६] (३४७९)

તુકારામ કહે છે કે હું મારી આંખોથી જોઈ રહ્યો છું કે તું પૂરેપૂરો ઢોંગી છે. જો આવું જ કરવું હતું તો તેં ઘરબાર અને લૌકિક વ્યવહારોનો ત્યાગ શા માટે કર્યો ? સંસારનો ત્યાગ કરતા પહેલા મનને શુદ્ધ કરી લેવું જોઈએ. મન ને શુદ્ધ ન કરવું અને શરીર ઉપર રાખોડી ચોળીને બાવા બનવું એ તો જુઠાણું છે, પાખંડ છે, કામક્રોધાદિક પ્રવૃત્તિઓને હૃદયની અંદર આશ્રય આપવો એનું નામ સંસાર છે અને એવો માયાવી સંસારનો ભાર જે માથે લઈને ફરે છે તે શું બીજાને રામ બતાવી શકવાનો છે ? તુકારામ કહે છે કે જેણે દેહ સંબંધી લોભ-માયાને ત્યજી દીધી છે જેનું ચિત્ત શુદ્ધ છે એજ સાચો સદ્ગુરુ બનવાને પાત્ર છે એમ સમજી લેજો.

તુકારામ અને અખો હરિ-ગુરુ-સંતને એકજ કક્ષાએ મુકી આપે છે. 'અખેગીતા'નાં દરેક કડવાનાં અંતે 'સેવો હરિ-ગુરુ-સંતને' કહેનાર અખાએ 'સંતપ્રિયા' તેમજ અન્ય પદો-સાખીઓમાં પણ ગુરુ મહિમા ગાયો છે. હિન્દી સાહિત્યમાં કોઈ સંત સર્જકે અખા જેટલી હદે ગુરુને આરાધ્યા હશે કે કેમ ? તેનો પ્રશ્ન ઘણો વિચાર અને અભ્યાસ માંગી લે તેવો છે. પણ હિન્દી સાહિત્યમાં જો અખાની 'સંતપ્રિયા' કૃતિ કોઈપણ મહત્વ ધરાવતી હોય તો ચોક્કસ તે ''ગુરુમહિમા થી અલંકૃત'' એવું ઉપમાન પામી હશે એવું મારું માનવું છે. બીજી તરફ તુકારામ સદ્ગુરુને ઈશ્વરનુંજ સગુણરૂપ ગણાવી તેનો મહિમા ગાતા કહે છે કે,

''आप तरे त्याकी कोण बराई ।

औरनकुं भलो नाम धराई ॥

काहे भूमि इतना भार राखे ।

दुभत धेनुं नहिं दूध चाखे ॥

बरसत मेघ फलत हि पिरखा ।

कोन काम आपनी उन्हों बिरखा ॥

काहे चंदा सुरज खावे फेरा ।

खिन एक बैठण पावत घेरा ॥

काहे परिस कंचन करे धातु ।

नहिं–मोल तुप्त पावन धातु ॥

कहे तुका ऊपकार हि काज ।

सब कर रहिया रघुराज॥''[१७] (३४७१)

---

૧૬. સાર્થ શ્રી તુકારામ ગાથા, સંપાદક : વિષ્ણુબુવા જોગ મહારાજ, કેશવ ભિકાજી ઢવળે પ્રકાશન, પંદરમી આવૃત્તિ,-જુલાઈ-૨૦૦૩, પૃ.૭૨૯

૧૭. એજન, પૃ.૭૨૭

જો માણસ પરમાર્થની સાધના કરીને પોતે જ તરી જાય તો તેમાં કોની મોટાઈ ? પણ બીજા જે જડબુદ્ધિ વાળા જીવોને સારી રીતે હરિનામ્ લેતા કરી દે તેને જ આ મોટાઈ આપવી શોભે. પૃથ્વી આટલો બધો ભાર ઉપાડે છે તેથી તેને પોતાનો કોઈ લાભ નથી. ગાય પોતાનું દૂધ માલિકને આપી દે છે પણ જીંદગીભર તે પોતે તો એકટીપું પણ દૂધ પીતી નથી. વરસાદ વૃષ્ટિ કરે છે પણ પોતાના હાથમાં કશું જ રાખતો નથી. સૂર્ય-ચંદ્ર હજારો વર્ષોથી રોજ ઉગે છે અને આથમે છે. પળવારનો પણ વિસામો લેતા નથી. તેઓ શા માટે આવું કરતા હશે ? તેમાં તેમનો પોતાનો શો સ્વાર્થ છે ? – તુકારામે અહીં આટલા ઉદાહરણો સારા સમજાવ્યું છે કે સાચી સંત વ્યક્તિઓ તે આવા કુદરતી તત્વો જેવી છે. પોતાના કોઈપણ સ્વાર્થ વગર તે અન્યને જ્ઞાન-ભક્તિ-હરિનામનો રસ આપતા રહે છે. હરિ પોતે જ બીજા ઉપર આવા ઉપકાર કરીને આટલો શ્રમ ઉઠાવે છે અને બધા કામકાજ કરે છે, છતાંય તેને શું મળી જાય છે ? તેનો વિચાર કરજો.

અહીં તુકારામે સાચા સદ્‌ગુરુને અવિનાશી એવી નૈસર્ગિક તત્ત્વો સાથે સાંકળીને તે બધુ હરિ જ કરાવે છે એવો ભાવ વ્યકત કર્યો છે.

અખાએ હિન્દીભાષામાં સાખીઓની પણ રચના કરી છે જ્યારે ગુજરાતીમાં આવું સર્જન અખાએ કર્યુ હોય તે જોવા મળતું નથી. અખાની સાખીઓ મુકતક સ્વરૂપની જ રચના છે. એનું સ્વરૂપ દોહાનું જ છે પણ તે અંતપ્રણાલી ને અનુસરી હોવાથી તેને 'સાખી'નામ આપવામાં આવ્યું છે. હિન્દીનાં સમર્થ સંત સર્જક કબીર જે જ્ઞાન-વૈરાગ્ય સંબંધી સાખીઓ રચી છે તેની અસર હેઠળ અખાએ પણ આ કાવ્યપ્રકાર સફળતા પૂર્વક ખેડયો છે એમ કહી શકાય. છપ્પાની માફક સાખીઓને પણ અંગોમાં વિભાજિત કરવામાં આવી છે. છપ્પા અને સાખીઓમાં કેટલાંક અંગોના નામ એક સરખા છે. દા.ત. ગુરુઅંગ, માયાઅંગ, સૂઝ અંગ, વિભ્રમ અંગ, જ્ઞાનદગ્ધ અંગ, વિચાર અંગ વગેરે... આ સાખીઓ છપ્પા જેટલી જ મહત્વની છે. અખાનાં જીવન ઉપર પ્રકાશ પાડતી કેટલીક પંક્તિઓ સાખીઓમાં જોવા મળે છે. છપ્પા કરતા સાખીઓમાં અખાએ દૃષ્ટાંતો ભરપુર પ્રમાણમાં આપ્યા હોવાથી તેમાં સમકાલીન જીવન-વ્યવહાર ઉપરની વિગતો પણ નિરૂપાયેલી છે. તુજ, ચોક અને ઝડઝમકથી ભરપૂર એવી સાખીઓ પોતાનું આગવું, સુંદર, કલાત્મક રૂપ ધરાવે છે. અખાએ તેની 'અખેગીતા'માં થોડાક હિન્દી પદોનો સમાવેશ કર્યો છે. અખેગીતાના 'દેહવૈરાગ'નો મહિમા અહીં 'બિન અગ્નિ જલ જાયે' (૪૮મું કડવું-૯ પદ) અને 'અખા જાને બિરહું કે જાને કિરતા' (૪૮મું કડવું-૧૩ પદ) જેવી પંક્તિઓમાં વ્યકત થયો.

---

૧૭. એજન, પૃ.૭૨૭

અખાનાં સર્જન દ્વારા તેને માપવા માટે બુદ્ધિ કે ઊર્મિ કરતાંય અન્ય ઘણી બાબતોનો આશરો લેવો પડે તેમ છે. અખાનાં વિશાળ કાવ્યભંડારમાંથી અનેક રત્નો મળી આવ્યા છે. દરેકને પોતાની ઈચ્છા મુજબનાં, રુચિ પ્રમાણેના કથનો અખામાંથી સ્પષ્ટપણે, સરળ શબ્દોમાંથી મળી આવે છે. પોતાનાં એક સરખા વિચારો, સિદ્ધાંતો, તત્ત્વજ્ઞાન, વ્યવહારજ્ઞાન, સદ્‌ગુરુ મહિમા જેવા વિષયોને આટલી સહજતાથી મૂકી આપનારો અખો તમામ સર્જકોમાંથી અલગ તરી આવે છે. તેને ભાષા અંગે ઝાઝી દરકાર નહોતી એતો જાણીએ જ છીએ. ''ભાષાને શું વળગે ભૂર ?'' કહેનારા અખાએ બે ભાષાઓમાં પોતાની સર્જક પ્રતિભા દર્શાવીને તેની ભાષાની પકડ અને ભાષા અભિવ્યક્તિની સમર્થતા પૂરવાર કરી બતાવી છે. તેવી જ રીતે તુકારામે પણ હિન્દીમાં સહજ રીતે સર્જન કરીને પોતાનો એ ભાષામાં વિજળી જેવો ક્ષણિક ચમકારો બતાવ્યો છે. સંખ્યાની દૃષ્ટિએ તેમનું હિન્દી ભાષામાં કરેલું સર્જન ઓછું હોવા છતાંય તેની નોંધ લેવી પડે એ પ્રકારનું સર્જન છે. આમ, આ બંને સર્જકો પોતપોતાની માતૃભાષા ઉપરાંત રાષ્ટ્રભાષાનાં પ્રવાહ સાથે પણ એટલીજ સહજતાથી એકરસ થયા છે. તે સિદ્ધ થાય છે.

૪.૨ સાહિત્યનાં ઈતિહાસમાં સ્થાન

મધ્યકાળનાં ગુજરાતી સાહિત્યનું વિહંગાવલોકન આગળનાં પ્રકરણમાં સુપેરે સમાવ્યું છે. મધ્યકાળનાં ગુજરાતી સાહિત્ય સર્જનમાં રત્નો જેવા અનેક સર્જકો પાક્યા છે પણ આ બધામાં અખો કેવો અને કેટલો નોખો તરી આવે છે તે તપાસવાનો અહીં પ્રયત્ન કર્યો છે. સમય સંજોગો અનુસાર અખાએ પૂરોગામીઓ નો કેવો પ્રભાવ ઝીલ્યો છે અને અનુગામીઓ પર કેવો પ્રભાવ પાડ્યો છે તેનો અભ્યાસ એની સર્જક પ્રતિભાને મૂલવવા માટે કરવો જરૂરી છે.

મધ્યકાલીન ગુજરાતી કવિતામાં અખો 'બ્રહ્મરસ'નો વેદાંતી ભક્ત કવિ છે. અખાની કવિતામાં નિર્ગુણ નિરાકાર બ્રહ્મની ભક્તિ દ્વારા થયેલી અનુભૂતિ જોવા મળી છે. બ્રહ્મરસની ખુમારી, બ્રહ્મ પ્રાપ્તિ પછીની આનંદોર્મિ તેની કવિતામાં અનુભવાય છે. અખો જ્ઞાનમાર્ગી કવિ રહ્યો છે. અખાની પૂર્વે આ જ્ઞાનમાર્ગી કવિતા ગુજરાતી સાહિત્યમાં ખેડાયેલી જોવા મળે છે. આદિ કવિ નરસિંહ મહેતાએ તેમનું તત્ત્વજ્ઞાન સુંદર ભક્તિપદો દ્વારા રજુ કર્યું છે. अहम् ब्रह्मास्मि સુધીનું તત્ત્વચિંતન નરસિંહની આત્માનુભૂતિની જ્ઞાનમાર્ગી કવિતાનું મૂળ છે. નરસિંહનાં પગલે ચાલતો હોય તેમ અખો જ્ઞાની કવિ છે. તેનું તત્ત્વચિંતન, જીવશિવનું અદ્વૈત, બ્રહ્મનું દર્શન, જગત અને માયાને જોવાની દષ્ટિ અને વેદ ઉપનિષદનાં આધારો તેને જ્ઞાનમાર્ગી તરીકે પ્રસ્થાપિત કરે છે. અખાના છપ્પા, પદો, અખેગીતા, અનુભવબિંદુ, પંચીકરણ, ગુરુશિષ્ય સંવાદ, ચિત્તવિચાર સંવાદ અને સંત પ્રિયા બ્રહ્મજ્ઞાન અંગેના વિચારો સ્ફુટ કરે છે. આમ, તેના આટલા તત્ત્વજ્ઞાનનો પડઘો તેના સાહિત્યમાં ઝીલાયો છે. તે ઉપરાંત તેના સમાજ ઉપરનાં સુધારાવાદી અભિગમો, દંભો સામેનો રોષ અને લગભગ તત્કાલીન સમયની દરેક નાની બાબતોને તેનાં સાહિત્યમાં સ્થાન મળ્યું છે.

જ્ઞાન વૈરાગ્યની કવિતા અખાનાં સમયે પૂર્ણપણે પ્રકાશી ઉઠી હતી. સોળમા શતકના ઉત્તરાર્ધમા અને સત્તરમા શતકમા આ પ્રકારની કવિતાનું ખૂબ ખેડાણ થયું. પરંતુ તેમાં અનન્ય અને શ્રેષ્ઠ તો અખો નિવડયોજ હતો ! પ્રેમાનંદના આ પુરોગામી કવિએ વિપુલ પ્રમાણમા એવી જ્ઞાનમાર્ગ સંબંધી કવિતાઓ રચી પોતાનો અનુભવ અને જ્ઞાનનો તેમા નીચોડ આપ્યો. એક એકથી ચઢિયાતી વેદાંતી કૃતિઓ રચી આપી. તેણે જ્ઞાનમાર્ગને જાણે રાજમાર્ગ બનાવી આપ્યો. કવિતા રૂપે છપ્પા દ્વારા તેણે લોકોને ઉપદેશ આપ્યો: ''ગુરુ થા તારો તું જ'' ઈશ્વર પ્રાપ્તિનો સાચો રસ્તો બતાવીને લોકોને આત્મકલ્યાણનો માર્ગ ચીંધ્યો છે. અખાએ તત્કાલીન સમાજમાં પ્રવર્તતા દંભ, અનીતિ, અનાચાર, વહેમ, અંધશ્રદ્ધા અને બીજા એવા અનેક દુષણો પર પોતાનાં છપ્પા દ્વારા કારમાં કટાક્ષ કરીને પાખંડીઓને, ઢોંગીઓને ઉઘાડા પાડ્યા છે. લોકોને તેમનામાં રહેલા દુષણોને દૂર કરવાનો માત્ર ઉપદેશ જ અખાએ આપ્યો નથી પણ સુધારવાનો પ્રયત્ન કર્યો છે. તેની આ સુધારણા તેનાં સાહિત્યમાં ડગલેને પગલે જોવા મળે છે. આંતરગુણની દષ્ટિએ અન્ય કરતાં ઉત્તમ એવી કવિતા વિપુલ પ્રમાણમાં રચીને અખો પુરોગામીઓ અને અનુગામીઓ કરતાં મધ્યકાલીન જ્ઞાનમાર્ગી કવિતામાં જાણે છવાઈ ગયો છે. જ્ઞાનમાર્ગી કવિતામાં તેના પુરોગામીઓ એવા નરસિંહ, નરહરિ, માંડણ કરતાંય તેમની થોડી અસરો

ઝીલીને અખાએ આ બધામાં સૌથી ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. સંસારનાં વિવિધ અનુભવોથી ઘડાયેલા અખાને વેદાંત જેવા કઠિન વિષયને કવિતામાં રજૂ કરવામાં બહુ મુશ્કેલીઓ પડી નથી. હા, કયાંક શબ્દોની કપાકૂપી, ઠરડ મરડ, વિચારોની ભરમારને કારણે કયારેક તે સમજવી અધુરી બની છે. છતાં તેમાં અખાનું કવિત્વ દેખાયા વિના રહેતું નથી. વ્યવહારમાંથી ઉપમા, દષ્ટાંતો લઈ તેના દ્વારા તત્ત્વજ્ઞાનને સરળ રીતે રજૂ કર્યું છે. માત્ર સંખ્યાથી જ નહિ પણ તેમા રજૂ થતા ઉત્તમ વિચારોને કારણે અખો શ્રેષ્ઠ ઠરે છે. તેના પછી ભાણદાસ, ભોજો ભગત, ધીરો, વગેરે સર્જકોએ જ્ઞાનમાર્ગી કવિતાનું ખેડાણ કર્યું છે. અખાનાં અનુગામી ઓમાંથી કેટલાંક સર્જકોની કૃતિઓમાં કવિત્વનાં ચમકારા નજરે પડે છે પણ અખા જેટલી સરળતાથી વિચારોને તેઓ અભિવ્યકિતમાં ઢાળી શકયા નથી અને આમ, અખો પોતાનાં અનુગામીઓમાં પણ નોખો તરી આવે છે. તેની આ લાક્ષણિકતાને બિરદાવતા શ્રી ઉમાશંકર જોશી કહે છે કે, ''ગુજરાતી ભાષામાં ઉપનિષદ કે ગીતાની આત્માનુભવથી ધકબતી વાણીનો રણકાર કયાંય સાંભળવા મળ્યો હોય તો તે અખાનાં આતમસૂઝના સરળ-ઊંડા મર્માળા વાકયોમાં.''[૧]

અખાની ભાષા જેટલું જોમ, વેગ અન્ય કોઈ મધ્યકાલીન સર્જકમાં જોવા મળ્યા નથી. તેની ભાષામાંથી તેના સ્વભાવ પ્રમાણે સ્પષ્ટવકતાપણું અને નીડરતા છતી થાય છે તે અનન્ય છે. અખાનું કાવ્યસર્જન તાત્પર્ય પ્રધાન છે. તેથી તેમા પદલાલીત્ય જેવા ગુણો સ્કુરતા નથી. પોતાની વ્યવહારપુરતી સંસ્કાર પામેલી વાણી દ્વારા બ્રહ્મવિદ્યાના તત્વોને સામાન્ય પ્રથા સામે મુકી આપવાનું કામ તેણે કર્યું છે. સંસારી જીવોના હૃદયમાં પોતાની ભૂલની લાગણી થાય અને તેની સાથે ઉપદેશ આપનાર કવિ પ્રત્યે તિરસ્કાર ન ઉપજે તેવી રીતે માર્મિક વાણીનો ઉપયોગ કરવામાં અખા જેવી કુશળતા અન્ય બોધક કવિઓમાં જણાતી નથી.''[૨]

અખો પોતાને કવિ માનતો જ નથી અને કવિતા રચવાનો એનો આશય પણ નથી પરંતુ તત્ત્વજ્ઞાનની ગંભીર વાતો સરળતાથી અભિવ્યકત કરવા જતાં એનાથી કવિતા રચાઈ ગઈ છે. એમાંય એનાં દષ્ટાંતનો તો અજોડ છે. જોકે નહિતોય અખાનો ઉદ્દેશ કવિતા રચીને પ્રસિદ્ધ થવાનો નહોતો. પોતાનાં 'આત્મલક્ષી અંગ'માં તે કહે છે કે સમાજમાં બની બેઠેલા કવિઓ પણ વેપારી જેવા છે જે કવિતાનો વેપાર આદરીને બેઠા છે. તેની આ પંક્તિઓમાંથી તેનાં આ વિચારો વધુ સ્પષ્ટ થાય છે.

> ''ઉંધ્યા બરલે પંડિત કવિ, જે મનની વુત્તિ રહ્યા અનુભવી, (છપ્પો- ૩૩૮)
> અખો શું કવિપણું કરે, જો વાત કશી ના પહોંચે શરે. (છપ્પો- ૩૪૩)''[૩]

તેના લાઘવભર્યા રૂપથી, ધ્વનિથી લોકો તેને કંઠસ્થ કરી શકે છે, ઝડપથી તેનો પ્રસાર થઈને સમજી શકાય છે, એવો અખાનો આશય હોઈ શકે. તે સમયે કોઈને અખાનાં સુધારાનાં વિચારો મેદાનમાં બેસીને સાંભળવા ગમ્યા નહોતા. જોકે અખાનાં કવિતા રચવા પાછળનાં મુખ્ય આશયોનો વિચાર

૧. અખોઃ એક અધ્યયન, ઉમાશંકર જોષી, સંશોધિત- સંવર્ધિત બીજી આવૃત્તિ-૧૯૭૩. ગુજરાત વિદ્યસભા, અમદાવાદ, પૃ.૩૩૨

૨. સાહિત્યકાર અખો ખુશાલચંદ ગ્રંથવાળા પ્રમાનંદ સાહિત્યસભા હોલ, વડોદરા. દ્વિતિય આવૃત્તિ- ૧૯૭૪, પૃ.૧૯૪

૩. અખાની કાવ્યકૃત્તિઓ- છપ્પા સંશોધક- સંપાદક- ડૉ. શિવલાલ જેસલપુરા, સાહિત્ય સંશોધન પ્રકાશન, અમદાવાદ. બીજી આવૃત્તિ- ૧૯૯૫, પૃ. ૧૭૪ (આત્મલક્ષી અંગ)

કરતા જણાય છે કે પ્રજામાં ઘર કરી ગયેલી મૂર્ખતા, અધમતા અને જડતાનું હસતા હસતાં પ્રજાવર્ગને ભાન કરાવી, અધોગતિ તરફ દોડી રહેલા સમાજને ઉન્નતિને માર્ગે- સાચે માર્ગે દોરવો એવો એક ઉદ્દેશ અને બીજો એટલે એકવાર જનસમાજ સાચા માર્ગે આવે એટલે પછી મિથ્યા અહંકાર વગેરે જેવા વિકારો ત્યાગીને બોધપૂર્વક ઉન્નતિનાં માર્ગે આગળ વધવા માટે અદ્વૈતવાદનું જ્ઞાન આપવું. આ પ્રમાણે એણે ખોટો-માર્ગ છોડાવતી વખતે અધર્મની વિધ્વંશક નીતિનું અને ત્યાર પછી ધર્મ સંસ્થાપક નીતિનું દૃષ્ટિબિંદુ રાખી, જનસમાજનું કલ્યાણ કરવા અખાએ કાવ્ય રચનાઓ કરી. મધ્યકાળનાં અન્ય કોઈ સર્જકે સમાજનાં અખા જેવા અનુભવો લઈને પણ સમાજ સાથે આટલી હદે નિસ્બત રાખી નથી. અન્ય સર્જકો- સંતોએ સાહિત્ય દ્વારા આત્મોદ્ધારનો આશય મોટેભાગે રાખ્યો હતો પણ અખાએ જાણે આત્મજ્ઞાનનો ઉપયોગ સમાજો દ્ધાર માટે કર્યો- એ તેને બધા સર્જકોથી મૂઠી ઉંચેરો સાબીત કરે છે.

અખાની ભાષા આડંબર રહિત, સરળ ભાવવાળી અને ઝડઝમક વગરની હતી. કવિ તરીકે શબ્દરચના અને પદલાલિત્યનાં ગુણો વિશે પોતે ન જાણતો હોવાને કારણે પણ તેણે યથોચિત ધ્યાન નથી આપ્યું આ વાત શકય લાગે છે. તેણે વિચાર સંકલના અને વિષય ઘટનાને પ્રધાનપણે કવિતામાં સ્થાન આપ્યું છે. પોતાનાં વિચારોને સરળતાથી સમજાવવા માટે તેણે વ્યવહારું દૃષ્ટાંતો ભરપુર આપ્યા છે. અને સૂચનારૂપે મૂકયા છે આ કારણોને લીધે તેની શબ્દરચના કયારેક અશુદ્ધ લાગે છે, દૃષ્ટાંતોના વહેણમાં, વિચારો ઉપર સંપૂર્ણ ધ્યાન આપવામાં કવિતાનાં પ્રાસાનુપ્રાસ, અન્ય અંગો વિશે તે વધુ ધ્યાન આપી શકયો નથી. પોતાનો ભાવ પોતાની રીતે વ્યકત કરવા માટે તે શબ્દોને છિન્નભિન્ન કરી નાખે છે. અલંકારો વગેરે શબ્દનાં મૂળ અર્થને સમજવામાં આડશરૂપ બને છે એવી અખાની સમજ હોવાને કારણે તેને આલંકારિક ભાષા પ્રતિ સ્વાભાવિકજ અણગમો હતો. તેનાં છપ્પાઓમાતે આ અંગે કહે છે કે,

– ''કવિતા ઘણા કવિ કવી ગયા, અદ્યાપિ કવે છે પ્રત્યક્ષ રહ્યા;
જ્ઞાનીને કવિતા ન ગણેશ, કિરણ સૂર્યનાં કયમ વણેશ?''[૪]

જોકે અહીં કાવ્યને શણગારવા તેણે અનુપ્રાસ ગોઠવવાનો પ્રયત્ન કર્યો છે તે સ્પષ્ટ થાય છે. જોકે તેમાંથી રસની નિષ્પત્તિ થાય છે એટલે આટલી બે પંકિતઓમાંથી પણ તેનું કથન-વિચાર આપણે સમજી શકીએ છીએ. વિવિધ રૂપકો દ્વારા અખાએ વિષયને સમજાવવાની પદ્ધતિ પ્રયોજી છે. તેનાથી કવિતાનો પ્રવાહ સરળ લાગે છે. દૃષ્ટાંતો નાં સુયોગ્ય ઉપયોગ માટે તો અખાને દાદ આપવી પડે એમ છે. દૃષ્ટાંતોનો સચોટ ઉપયોગ કરી તેની ભાષા શકિતનો પરિચય આપ્યો છે. શબ્દો- ઉપમા- દૃષ્ટાંતથી તે તાકયું તીર મારી શકે છે, લક્ષ વેધી શકે છે. તેનાં દૃષ્ટાંતોમાં માર્મિકતા હોય છે. દૃષ્ટાંતોનું ચયન કરવામાં અખાની અનુભવ શક્તિ કામે લાગે છે એવું કહી શકાય કારણકે તેણે ઘણું જોયું છે, સાંભળ્યું છે, અનુભવ્યું છે અને પોતાનામાં કેટલેક અંશે ઓતપ્રોત પણ કર્યું છે.

---

૪. એજન, પૃ. ૧૨

ઉપરાંત મધ્યકાળમાં જયારે સંસ્કૃત- પ્રાકૃત ભાષાનું ચલણ વધારે હતું, ગુજરાતી ભાષાનો ઉપયોગ વ્યવહાર સિવાય સર્જનમાં ઓછો થતો હતો ત્યારે એવા સમયે વેદાન્ત જેવો વિષય પ્રાકૃત ગુજરાતી ભાષામાં ન સમજાવી શકાય એવો દુરાગ્રહ તોડવાનો પ્રયત્ન સૌ પ્રથમ અખાએ કર્યો હતો. તત્ત્વજ્ઞાન સમજવા સંસ્કૃત ભાષાજ જોઈએ અથવા પ્રાકૃત પણ ચાલે એવા પ્રવાહનો અખાએ વિરોધ કરતા કહ્યું કે જે ભાષાની વાચકો કે શ્રોતાઓ ઉપર તત્કાળ અસર થાય અને સહજતાથી સમજાવી શકાય તે જ સાચી ભાષા છે. પછી ભલેને તે સંસ્કૃત હોય કે પ્રાકૃત હોય, ભાષા પ્રાકૃત થવાથી તત્ત્વ કંઈ નિગૂઢ રહેવાનું નથી અને સંસ્કૃત હોવાથી તે વિશેષ કંઈ વ્યકત કરી શકવાની નથી. તત્ત્વપ્રાપ્તિ તથા મોક્ષપ્રાપ્તિ પ્રાકૃત ભાષામાં પણ થઈ શકે છે. અખાને મન, ભાષા એ માત્ર બાવન અક્ષરોનો સંયોગ અને પરિવર્તનથી નિપજેલી શબ્દસંહતિ છે. વળી, જ્ઞાનના વિષયને ભાષાનાં બંધનો કે મર્યાદાઓ લાગુ પડતી નથી. તેથી અમુક વખતે અમુક જ ભાષા વાપરવી કે બોલાવી જોઈએ, એવો કઈ નિયમ નથી. આમ, અખાએ ભાષાનો પૂર્વગ્રહ છોડીને તે શું વ્યકત કરે છે તેની ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાનો બોધ આપ્યો છે. ભાષા એ સાધન છે સાધ્ય નથી એવાત અખો સમજાવે છે. આમ, મધ્યકાલીન સર્જકો જયારે સંસ્કૃત કે પ્રાકૃત અંગે દ્વિધામાં હતા, કોઈ એક ભાષાને ચડિયાતી ગણાવાથી બીજી નીચલી કક્ષાની થઈ જાય એવી ભાવનાને ધરીને ચાલતા હતા ત્યારે અખાએ તો પોતાનો મત સ્પષ્ટ વ્યકત કરીને બીજા કોઈની દરકાર રાખી નથી.

''ભાષાને શું વળગે ભૂર?

જે રણમાં જીતે તે શૂર'' એ વાત અખો પોતેજ જાણે સિદ્ધ કરી બતાવતો હોય એવું લાગે છે. ઉપરાંત અખો નિખાલતાથી સ્પષ્ટતા કરે છે કે, 'જગણમગણ અમો નથી જાણતાં'...... પોતે કવિ છે કે પોતે કવિતા રચે છે, એટલી તેની સિદ્ધિ છે એ અંગે તે કશું જ બોલતો નથી. પોતાનો અહોભાવ વ્યકત કરવા કરતાં જે પોતે જાણતો નથી તે પહેલા જ જણાવી દેવા જેટલી ખેલદિલી અખામાં છે જે અન્ય કોઈ સર્જકે મધ્યકાળમાં બતાવી નથી. આ અંગે પ્રો. મહેન્દ્રકુમાર દેસાઈનું આ કથન બંધબેસતું છે તે કહે છે કે, ''ગગન ગહન તત્ત્વજ્ઞાનને કવિતામાં ઉતારવાની બાબતમાં પુરસ્કર્તા બનવાનું શ્રેય અખાને ફાળે જ જાય છે, ભલે અખો પોતે 'જ્ઞાનીની કવિતા ન ગણેશ' કહે અથવા 'અખો શું કવિતાપણું કરે, જો વાત કશી ન પોંચે સરે' જેવી વિનમ્ર વાણીમાં એવો કીર્તિકલાપ પોતાને શિરે ધારણ કરવાનું ના કહેતો હોય.''[૫]

બીજી તરફ અખાને મન શબ્દ રચના એટલે શું તે સમજવાથી પણ કાવ્ય અંગેની; વિભાવના સમજી શકાશે. ''જ્ઞાનીને કવિમાં ન ગણેશ એવું માનનાર અખાની દષ્ટિમાં જે શબ્દરચનાથી

૫. સાહિત્યકાર અખો, ખુશાલચંદ ગ્રંથમાળા, પ્રેમાનંદ સાહિત્ય સભા, વડોદરા. નવ સંસ્કરિત આવૃત્તિ-૧૯૭૪, પૃ.૧૮૧

હેયેપાદેય રહિત અર્થાત ત્યજવા યોગ્ય તથા ગ્રહણ કરવા યોગ્ય જેમાં કશું રહ્યું નથી એવું અખંડ પરમતત્ત્વ સમજાય, તે શબ્દરચના જ કાવ્ય હતી. આ વાતને ઉંડાણથી સમજતા અખાનો વિચાર સ્પષ્ટ થાય છે. જે કાવ્યથી માત્ર સાંસારિક રસનો અનુભવ થાય છે પણ અંતઃકરણમાં બોધની છાયા પડતી નથી, તે કાવ્ય પ્રજાની નૈતિક ઉન્નત્તિમાં કોઈ ઉપયોગનાં નથી.''[૬]

અખાનો ઉદ્દેશ સર્જન દ્વારા સમાજનું મનોરંજન કરવાનો કયારેય નથી રહ્યો. તે છતાંય તેના સર્જનમાંથી હાસ્ય, બોધ, નીતિ, વ્યવહાર જેવી અનેક બાબતો દષ્ટિગોચર થાય છે. તેણે જે કાંઈ કહ્યું છે તે લોકોમાટે, લોકો ને કહ્યું છે. હા, તેના આત્મનિવેદન પર છપ્પાઓ પણ છે. સમાજની પરવા મનથી, લાગણીથી અને જ્ઞાનથી અખાએ કરી છે પણ કયારેય લોકોકિત માટે, પોતાની વાહ-વાહ માટે, કોઈનો વિરોધ કરી પોતાનો મત સ્થાપવા માટે, પોતાને લોકો સારો-ખરાબ કહીને પણ નોંધ તો લેશે એવું એનું કોઈ પ્રયોજન નહોતું. સમાજ બધેથી દુષણો વચ્ચે ઘેરાયેલો છે તેથી અખાનાં સંત હૃદયને લાગણી છે, દુઃખ છે, તે માંથી બહાર નીકળવાનો રસ્તો પણ તે બતાવે છે. પણ સાથે સાથે તેનો સ્વભાવગત દષ્ટિકોણ ખૂબ કડક છે અખો કોઈની શેહશરમ રાખતો નથી, કોઈને ખોટું લાગે તો લાગે, જે છે તે કહેવામાં અખાએ કોઈની દરકાર રાખી નથી. તેની હડફેટમાં પંડિતો, શાસ્ત્રકારો, પોથી વાંચનારાઓ, કહેવાતા મોટા લોકોથી માંડીને આંધળો અસરો, ધુમટાવાળી વહુ, જતિ, પૂજારી, કવિઓ બધા જ આવી ગયા અને અખાએ જેનાં તેના દુષણો બતાવીને ઝાટકણી કાઢી જ છે, કોઈને છોડયા નથી. કોઈનાં પ્રત્યે તેણે ખાસ કૂણી, માનની કે શરમની મર્યાદાની ભાવના રાખી નથી. હા, સદગુરુ એટલે કે જ્ઞાનીને, સંતને અને સાચા હરિજનને અખાએ ભારે પ્રેમ અને આદરથી અહોભાવ પૂર્વક ઉચ્ચાસને બેસાડયા છે. તેની સાહિત્ય પ્રવૃત્તિ તેણે કોઈનાં કહેવાથી, કોઈના માટે કરી નથી. તે પોતાની મસ્તીમાં જ પરમતત્ત્વને ગાતો રહ્યો છે.

અત્યાર સુધીના ઘણાં સાહિત્યકારો, વિવેચકોએ છપ્પાની ઘણી રચનાઓને અન્ય પ્રભાવી સર્જકો ની રચનાઓ સાથે સરખાવી આપી છે. અખાનો બ્રહ્મનો વિચાર નરસિંહનાં બ્રહ્મનાં અનુભવ અને કબીર સાથે થોડે અંશે મળતો આવે છે. નરસિંહના 'નીરખને ગગનમાં' અને 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ' જેવા પદો સાથે અખાની કેટલીક પંક્તિઓ મળતી આવે છે. નરસિંહે જેમ 'વૈષ્ણવ જન તો તેને રે કહિએ' માં સાચા વૈષ્ણવ એટલે કે હરિજન-જ્ઞાની-સંતનાં લક્ષણો વર્ણવ્યા છે તેવી જ રીતે અખાની આ કવિતા મારી દષ્ટિએ મને આજ સૂર વ્યકત કરતી હોય એવું લાગ્યું છે. બંનેનો ભાવ સરખો લાગ્યો છે.

''ભકત તે જે એમ જાણે, જાણીને હૃદય ધરે;
સ્વામી મારો રહ્યો સઘળે, અહર્નિશ ચિંતન એ કરે.
ભુવન ત્રણમાં રહ્યો પૂરી પૂરણ સ્વે પરમાત્મા,
પોતે તે પિઉજી નિરંત, ભેદ દેખું, હું ભાતમાં.

---

૬. એજન, પૃ. ૧૯૦

મારો રામ રમે છે સર્વ વિષે, એમ હેતે હીસે મંન,
હરિ કહે, હરિ સાંભળે, હરિને સોંપે તન.
નિત્ય રાસ નારાયણનો દેખે તે અનંત અપાર,
જ્યાં જેવો ત્યાં તેવો નારાયણ, નર-નાર.
ગદગદ કંઠ ગાતે થરકે રોમાંચિત હોયે ગણ,
હર્ષ આંસુ હેત હૃદયે, પ્રેમ કે હું તે પાત્ર.
નવનીત સરખું હદે કોમલ, કહ્યું ન જાયે હેત,
આંખમા અમ્રત ભર્યું, ભકિત કેરું તે ક્ષેત્ર.
ખાતો પીતો બોલતો દેખેતે સઘળે રામ,
વેધ્યું મન રહે તેહનું શિથિલ સંસારી કામ.
જયમ જાર લુબધી જુનતી, તેનું મન રહે પ્રીતમ પાસ,
અહર્નિશ રહે આલોચતી, ભાઈ, એવું મન હરિદાસ.''[૭]

(અખેગીતા- કડવું- ૧૧મું-પદ- ૩ થી ૧૦)

''અહીં બ્રહ્મભાવ પામેલી વ્યક્તિઓનું વર્ણન અખો પ્રસન્ન ચિત્તે કરે છે. અધ્યાત્મ સાધનાનો ખ્યાલ તો અધ્યાત્મ જીવતી વ્યકિત કેવી હોય તેનાં વર્ણન દ્વારા વધુ સચોટ રીતે આપી શકાય. ગીતામાં સ્થિતિપ્રજ્ઞ, ભકત અને ગુણાતીતના સુરેખ ચિત્રો આપ્યા છે. અહીં અખાએ તેના મતે નિત્ય રાસ નારાયણનો જોતા ભકતજનનું ચિત્રણ કર્યું છે. શ્રી ઉમાશંકર જોશીએ આ કડવાને ગુજરાતી કવિતા સાહિત્યનું એક રત્ન તરીકે ઓળખાવ્યું છે.''[૮]

અખાની સ્વાનુભવથી તરબોળ એવી કેટલીક પંક્તિઓ/ કાવ્યોક્તિઓ સમાજમાં લોકોક્તિઓ બની ગઈ છે, તો કેટલીક લોકોક્તિઓ કાવ્યરચનાનો ભાગ બની ગઈ છે. અખાનાં છપ્પામાં ઉપમા અને કહેવતો અનિવાર્યપણે આવતી રહે છે. ઉપમાને શ્રી ઉમા શંકર જોશીએ કવિત્ત્વની નિશાની કહી છે. અનેક ક્ષેત્રોમાંથી અખો ઉપમાઓ શોધે છે. એની ઉપમાઓ મુખ્યત્ત્વે કટાક્ષ અને ઉપહાસને માટે યોજાયેલી છે છતાં તેનો ઉપયોગ અખાએ સમજણ પૂર્વક કર્યો હોવાથી તેનું અલગ અસ્તિત્ત્વ દેખાય છે. શહેર, ગામ, વેપાર, ઔષધ, પશુ જેવા અનેક વિષયો એની ઉપમા તરીકે પ્રયોજાઈ ચૂકયા છે. કહેવાતોનાં અર્થાનુસાર પોતાનાં તત્ત્વજ્ઞાનને વ્યકત કરતો અખો કોઈ કુશળ ભાષાવિદ્ હોય તેમ લાગે છે. તેને કારણે તેના છપ્પા માત્ર તત્ત્વજ્ઞાનનાં જ નહિ પણ સમાજનાં દરેક વર્ગને આનંદ આપે છે. પ્રત્યેક શબ્દની વ્યંજના શક્તિ વિશે તેની સૂઝ પણ અનન્ય છે. તે પોતાને જ્ઞાની માને છે, કવિમાં પોતાને ખપાવવા ઈચ્છતો નથી. આમ, છતાં આધ્યાત્મિક જ્ઞાનની અનુભૂતિને વ્યકત કરવા માટે અનુરૂપ શબ્દ શોધવાનું કવિકર્મ તેણે સુપેરે પાર પાડ્યું જ છે. આધ્યાત્મિક ચિંતન નરસિંહની કવિતામાં પણ છે પરંતુતે ઉર્મિનાં સ્વરૂપમાં વ્યકત થાય છે. શુષ્ક તત્ત્જ્ઞાન તરીકે અખાની કવિતા સૌથી વધુ નોંધપાત્ર છે. ગુજરાતી ભાષાનો તત્ત્વજ્ઞાનમાં પૂરેપૂરો ઉપયોગ અખાએ જ કર્યો છે. સંસ્કૃત કે પ્રાકૃત

૭. ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ, ગ્રંથ-૨, ખંડ-૧, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ. (બીજી આવૃત્તિ), પૃ.૪૦૨
૮. એજન, પૃ. ૪૦૩

પણ બાવન અક્ષરનો જ વિસ્તાર છે બાવન અક્ષરની અંતિમે ત્રેપનમો અક્ષર બ્રહ્મ છે અને તે અનિર્વચનીય ભાષા દ્વારા વર્ણવી શકાય એમ નથી. અને આ સમજાવટ દર્શાવવા માટે, એનું નિર્વિકારપણું સમજાવવા માટે સંસ્કૃત કરતા પ્રાકૃત વધુ ઉપયોગી છે એવું અખો માને છે. જેમ લાકડાનો ભારો છોડ્યા વિના ઉપયોગમાં નથી આવતો તેમ સંસ્કૃતમાં અપાયેલું જ્ઞાન પ્રાકૃતમાં સમજાવ્યા વગર લોકો સુધી પહોંચતુ નથી. જ્ઞાન માટે ભાષાનો ઝગડો ન હોવો જોઈએ. પોતાની આ વાત સમજાવવા માટે અખો શબરી અને કરમાબાઈનું ઉદાહરણ આપતા કહે છે કે શબરી પોતાનાં અનન્ય ભાવથી બ્રહ્મપદ પામી હતી. તે કયાં સંસ્કૃત જાણતી હતી? કરમાબાઈ, વ્યાધ, ગણિકા જેવા પ્રાકૃતિ મનુષ્યો પણ બ્રહ્માનુભાવ પામ્યા તે પણ કંઈ સંસ્કૃતને કારણે નહિ પણ આંતરિક અદમ્ય ઈચ્છા અને બ્રહ્મ પ્રાપ્તિ માટેનાં યોગ્ય સાધનો દ્વારા.

અખાની ભાષા બરછટ લાગે છે. તેણે પોતાની ભાષાને મૃદુ અને મધુર બનાવવાનો કયારેય પ્રયત્ન પણ કર્યો નથી. તે વાગવિલાસને ધિક્કારે છે. અખાએ ભાષાને નહિ પણ અભિવ્યકિતને મુખ્ય ગણાવી એક મહત્ત્વનો આદર્શ પૂરો પાડયો છે. એની વાણી મૃદુ- મધુર ભલે નહિ હોય, સરળ અને સબળતો અવશ્ય છે જ! પોતાનાં કૈવલાદ્વૈત અંગેનાં વિચારોનો સિદ્ધાંતબોધ કરતા અખાનું વિવેચક અને પ્રહારક તરીકેનું રૂપ આપણી સમક્ષ રજૂ થાય છે. સમાજનાં ખરા આધ્યાત્મિક શ્રેયની ફિકર રાખનારા અને તેમના વૃત્તિવર્તનના સાવધાન ચોકીદાર જેવા જાગૃત, બુદ્ધિશાળી, સંતદિલનાં આત્માની પુણ્ય પ્રકોપમય કટાક્ષવાણી એના આખાબોલા વ્યકિતિત્ત્વ દ્વારા સ્પષ્ટ ભાષિત્ત્વથી વ્યકત થાય છે.

અખાના પદો જીવ માયા અને ઈશ્વર- ત્રણેનું તાત્ત્વિક દષ્ટિએ દર્શન કરાવે છે. તેમાંથી ઉચ્ચ પ્રકારનું કવિત્ત્વ, મનોહર કલ્પના અને વેધક ઉપમાવિધાન સાથે તીર જેવી લક્ષ્યગામી શૈલીનાં સુંદર ચમત્કૃતિપૂર્ણ રેખા ચિત્રો અખાએ દોરી આપ્યા છે. તેમાંય જીવનના વિશાળ અનુભવને અને ઊંડા ચિંતનમાંથી પ્રાપ્ત કરેલી ઉપમાઓ તેના વકતવ્યને બોધથી સભર, રોચક, સુગ્રાહ્ય અને ચોટદાર બનાવે છે. અખે ગીતાના છેલ્લા પદમાં અગોચર થયાનો અને ગહન પરમાત્મ દર્શન પામ્યાનો અભિનવો આનંદ ગાવાનો અખો પરમ યત્ન કરે છે. આ ગીત અંધારામાં પ્રકાશ પ્રગટાવે તેવું અદભુત, રમ્ય અને પ્રતિભાશાળી છે. અખાનાં સળંગ કાવ્યોમાં ભાષા સરળ અને સાદી છે, ગૌરવ યુકત, અર્થવાહી અને પ્રૌઢીનાં ગુણો પણ તેમાં દેખાય છે. અનુભવબિંદુના આંતરપ્રાસ યુક્તિ છપ્પાઓમાં અખાનું ભાષા પ્રભુત્ત્વ, છંદ અને લયની સૂઝ તથા એની લાક્ષણિક નિરૂપણ રીતિ સુંદર રીતે છતી થાય છે. આપણાં કૃષિપ્રધાન દેશની પ્રજાને જાગૃત કરવા અખાએ રચેલું 'સાંતીડાનું ભજન' એની કવિત્ત્વ શકિતનુ ઉત્તમ ઉદાહરણ પુરુ પાડે છે. અખાનાં સર્જનોમાં તત્ત્વજ્ઞાન અને કવિતા એકબીજાના પૂરક બને છે. તેનાં સર્જનમાંથી તત્ત્વજ્ઞાન અને કવિતાને છૂટા પાડવું શકય નથી. અખાની કવિતા કાલ્પનિક વસ્તુ તરીકે બહાર પડી નથી. એ એનાં વિચારોનું માધ્યમ બની છે. એનામાં રહેલું ઉર્મિતત્ત્વ અને કલાનાં ગુણો એનાં વિચારમાં ઘણે ઠેકાણે વ્યકત થાય છે. તત્ત્વજ્ઞાનનાં ગહન વિચારો ભાષાના માધ્યમથી બહાર આવે છે ત્યારે ભાષાની ક્ષમતા મર્યાદીત થઈ જતી હોય એમ લાગે છે. સામાન્ય રીતે ન વપરાતા શબ્દ પ્રયોગો, શબ્દને ટૂંકાવીને વિશ્લેષથી કઢંગા બનાવી દેવા અને મારી મચડીને પ્રચલિત અર્થમાં બેસાડયા

છે. વેધક છતાં સૌંદર્ય વિહોણી, કયારેક વિચિત્ર અધ્યાહાર રચનાઓ, વ્યાકરણનાં સામાન્ય નિયમોની ઉપેક્ષા, વાક્યોમાંથી નિષ્પન્ન થતા કર્ણકટૂ સૂરો અને અર્થોનાં પરિણામ સ્વરૂપ ઉદ્‌ભવતી અર્થ કિલષ્ટતા, સંદિગ્ધતા અને દુર્બોધિતાઓ ભાષાનાં વિકૃત લક્ષણો છે. અખાએ આમાની કેટલીક બાબતો અનુસરી હોવા છતાંય તેની એકાગ્ર રીતે વહેતી અખંડિત કાવ્યધારા, દૃષ્ટાંતોની કલ્પના યોજક પરંપરા ગહન વિષયને પણ કાવ્યત્ત્વ બક્ષે છે. જ્ઞાનનાં આનંદની ઊર્મિના અનુભવાતાં સ્પંદનો, તેની હૃદય સ્પર્શીતા, તેનું પ્રેરક વેધક જોમ વગેરે તત્ત્વો મળીને અખાની કવિતામાં ઉચ્ચ કોટિનું કાવ્યત્ત્વ સિદ્ધ કરે છે.

''અખામાં નરસિંહ, મીરાં જેવી આદ્ર કોમળતા નથી, પ્રેમાનંદ જેવું રસનિરૂપણ નથી, શામળ જેવી જનમનોરંજન કરનારી કૌતુકમય કથનકલા નથી, દયારામ જેવું શબ્દમાધુર્ય નથી. એ તો એક ઘાને બે કટકા કરે એવી બરછીની તીણીધાર જેવા, સમાજનાં દંભાચાર પ્રત્યેનાં કટાક્ષો, અદ્વૈતવાદ અને સમાજ વિષયક મતનું પ્રતિપાદન કરનારો બેફામ પૂરે ગાજતી નદી જેવો ગાંડોતુર આવેગ અખો વ્યકત કરે છે-'' જેવા વિધાનો ગુજરાતી સાહિત્યમાં અખા વિશે ઘણા વિદ્વાન, સાહિત્યકારોએ પ્રયોજયા જ છે. છતાંય આ તમામનો અંતિમ મત તેને 'કવિ' તરીકે તો સ્થાપે જ છે! તેની અભિવ્યકિતઓની સમર્થતાને હંમેશા બિરદાવવામાં પણ આવી છે. તેની કવિતામાં ભંગુરતા અંગે કહેવાયું છે કે, ''અખાની કવિતામાં ફિલસૂફ અને કવિનું સંયોજન થાય છે. તત્ત્વજ્ઞાન સાહિત્યમાં સામગ્રી બનીને આવે છે અને કલારૂપ પામે છે. અખાની કવિતામાં ભંગુરતાના અનુભવની સંકુલ અભિવ્યકિત છે. જ્ઞાનમાર્ગી પરંપરાના રૂઢ પ્રતીકો, રૂપકો અને સંદર્ભો સ્વીકારવા છતાં, અનુભવને અભિવ્યકત કરવા માટે તે નવા નવાં પ્રતિકોની ખોજ કરે છે. મિથ્યા જગત અહીં માત્ર ભય પમાડનારું જ નહીં, પરંતુ પાંચેય ઈન્દ્રિયોથી સ્પર્શી શકાય તેવું, જીવ જેમાં રમમાણ રહી શકે તેવું સ્પર્શક્ષમ બને છે. શબ્દની સાથે સાથે અખો ઉપમા, રૂપક, કલ્પનો કે પ્રતીકોની આખી સૃષ્ટિ લઈને આવે છે. અખાની કવિતામાં તત્ત્વજ્ઞાન અને સાહિત્ય એકરૂપ બની જાય છે એટલે જ જ્ઞાની કવિ સર્જક કવિમાં રૂપાંતર પામે છે. બ્રહ્મપ્રાપ્તિનો અનુભવ અખાની કવિતામાં સ્વાભાવિક રીતે જ ભંગુરતાના નિરાકરણ તરીકે આવે છે.''[૯]

અખા પાસે અવ્યકતને વ્યકત કરવાનું એકમાત્ર સાધન તે વાણી છે અને તે આ સાધનાનો બરાબર ઉપયોગ કરી જાણે છે. ઉમાશંકર જોષીએ કહ્યું છે. ''પરમાત્મા વાણી વિષય નથી એ અંગે અખાના ઉદબોધનો, શબ્દ યોજવા જતા મૂળ વસ્તુ ચૂકી ન જવાય એ અંગેની તેની મુંઝવણ, એના અનેકવિધ નેતિવચનો, બધી આળપંપાળ છોડીને બ્રહ્મવસ્તુને જ પકડવા મથવા અંગેની એની જિકર, બાધારૂપ આળપંપાળોને ખુલ્લી પાડવામાં એની નિરલસ ઉત્કટતા અને ફાવટ તેમજ અનુભવનાં આંનદનો સ્પંદ, આ બધુ ઓજસ્વતી ઓઘવતી વાણી અને ઔચિત્યભરી લયસૂઝ રૂપે, અસંખ્ય ઉપમાઓ, રૂપકો, દૃષ્ટાંતો, રમણીય ચિત્રાંકનો, કલ્પનો રૂપે, વેધક સ્વભાવોકિત, વક્રોકિત, નર્મમર્મોકિત રૂપે વ્યકત થાય છે અને એને જ્ઞાનીકવિ તરીકે સ્થાપે છે.''[૧૦]

---

૯. 'અખાની કવિતામાં ભંગુરતાની અભિજ્ઞતા'- અંગે પારુલ રાઠોડનો લેખ, ત્રૈમાસિક- ફાર્બસ ગુજરાતી સભા. એક-૪૫, આંકટો-ડીસે.-૧૯૯૪-પૃ-૫૯

૧૦. અખોઃ એક અધ્યન (બીજી આવૃત્તિ-૧૯૭૩), ઉમાશંકર જોશી- ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, પૃ-૨૧૭

તો 'મધ્યમાલા'નાં અંકમાં ચંદ્રકાંત ટોપીવાળાએ પોતાનાં લેખમાં અખા વિશે કહ્યું છે કે, ''અખાની કવિતામાં મૂર્ત અને અમૂર્તનો સંવાદ છે. અખો અમૂર્તને મૂર્તથી સૂચવે છે અને અમૂર્ત માટે મૂર્ત પ્રગટાવતો જાય છે.''★

જગતનાં મિથ્યાપણાની અવારનવાર રજૂઆત કરતા અખાએ જગતને કેટલું ઝીણવટથી જોયું છે તે એણે યોજેલી ઉપમાઓ, રૂપકો અને દૃષ્ટાંતોથી પ્રતિત થાય છે. પંચમહાભૂતો, ઋતુઓ, પશુ-પક્ષીઓ, સંતો, ભકતો, પૌરાણિક પાત્રો, ઋષિઓ, વનસ્પતિ, નાની મોટી સંખ્યાઓ, માનવ જીવનની ચાર અવસ્થાઓ, ધાતુઓ, ખાદ્યપદાર્થો, ધંધાદારીઓ તેમજ વિવિધ જાતિઓનાં ઉલ્લેખ દ્વારા અખાની નિરિક્ષણ શક્તિ કેટલી સુક્ષ્મ અને વ્યાપક ફલકની હતી તે સ્પષ્ટ થાય છે.

આધ્યાત્મિક અનુભૂતિને વાચા આપતી અખાની કવિતા દશ્ય જગતનું મિથ્યાત્ત્વદર્શાવી અદૃશ્યને પામવાનું કહે છે. વેદાંત જેવો ગહન વિષય લૌકિક દૃષ્ટાંતોની તેમજ ઉપમા-રૂપકોની મદદથી સાદી, સરળ, છતા અનોખી કાવ્યમય વાણીમાં એવી સચોટ રીતે અખાએ રજૂ કર્યો છે કે ગુજરાતનાં જ્ઞાનમાર્ગી કવિઓમાં એ સર્વશ્રેષ્ઠ બની રહે છે. એની કવિતાનું પ્રબળ જોમ આપણને સ્પર્શી જાય છે. માત્રામેળ છંદો અને વિભિન્ન શાસ્ત્રીય રાગોમાં રજૂ થતી એની કાવ્યરચનાઓ એના કવિ તરીકેના સામર્થ્યને સિદ્ધ કરે છે. શબ્દાતીતનાં રહસ્યને શબ્દો દ્વારા ઓળખવાની-પામવાની એણે સફળ મથામણ કરી છે પોતાની સમગ્ર બુદ્ધિશક્તિને કામે લગાડી અખાએ પોતાની રચનાઓમાં અનેક સજીવ અને સુસંવાદી ચિત્રો આલેખીને અમૂર્તને મૂર્ત રૂપ આપવામાં અદભુત કલા અને કૌશલ દર્શાવ્યા છે.તળપદી અને શિષ્ટ એમ બંને પ્રકારની ભાષાઓ ઉપર એકસરખું પ્રભુત્ત્વ દાખવી ''શું શાં પૈસા ચાર'' જેવી દશા ભોગવતી ગુજરાતી ભાષાનાં સામર્થ્યને અને ગૌરવને પ્રગટ કરી ગુજરાતની પ્રજાનાં અંતરમાં કાયમ માટેનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. અખો કેવળ ગુજરાતી ભાષાનો જ અજોડ તત્ત્વજ્ઞ કવિ છે એમ નથી પણ હિન્દીમાં કરેલી એની કાવ્યરચનાઓ એને ભારતનાં ઉત્તમ તત્ત્વજ્ઞાની કવિઓમાં એની ગણના કરાવે એટલી સમર્થ છે. પોતે મેળવેલા પરમતત્ત્વનાં જ્ઞાનનો પ્રકાશ બધાને વહેંચવા નીકળેલો અખો ગુજરાતી સાહિત્યનાં આકાશમાં ઝળહળતાં સિતારા જેવો છે, અને એજ તેને આજની તારીખે પણ સાહિત્યમાં ઉચ્ચાસ્થાને બેસાડે છે.

''જ્ઞાન અને વહેમ, અંધ શ્રદ્ધા અને ધર્મગુરુઓનાં દુરાચરણો સામે જે 'ચાબખા' માર્યા તેની પરંપરાઓ નર્મદ અને કરસનદાસ મૂળજીનાં સમય સુધી જીવંત રીતે ચાલુ રહી હતી. બ.ક. ઠાકોરે અખાના ઉપહાસ, કટાક્ષ અને હાસ્યથી ભરેલા છપ્પારૂપી ચાબખાઓને 'ત્રીજા નેત્રની પ્રસાદી' તરીકે બિરદાવ્યા છે. અખાએ જન સમુદાય સુધી પહોંચવા માટે સીધી, સાદી, મર્માળી ગુજરાતી ભાષા અને શૈલી અપનાવી હતી. જે સમયે પંડિતો માત્ર ગણ્યાંગાઠ્યા બ્રાહ્મણો જ સમજી શકે તેવી સંસ્કૃત ભાષામાં લખતા અને વાદવિવાદ કરતાં એવા સમયે અખાએ સ્પષ્ટ રીતે આ ઉદ્ગારો કર્યા હતા, ''ભાષાને શું વળગે ભૂર? જે રણમાં જીતે તે શૂર, સંસ્કૃત બોલે તે શું થયું? કાંઈ પ્રાકૃતથી નાસી ગયું?'' પરમેશ્વર વિના

★ 'મધ્યમાલા'નો, નવે-ડીસે-૯૮નો ચંદ્રકાંત ટોપીવાળાનો અખા ઉપરનો લેખ, પુ.૧૪

બીજા દેવને તે માનતો નહોતો. અખાએ છપ્પામાં દૃષ્ટાંત સહિત પોતાના ઊંડા વિચારોજ જણાવેલા છે. અને તે સાંભળનારનાં મનમાં અસર કરે તેવા છે. સંસ્કૃત ભણનારા કેટલાક શાસ્ત્રીઓ પણ અખાની કવિતા પસંદ કરે છે અને વાત કરતા દૃષ્ટાંતમાં તેની કવિતા બોલે છે. નર્મદ ઉપર પશ્ચિમની રેશનલ વિચારસરણીની ભારે અસર હોવા છતાં તેને અખા માંથી પ્રેરણા મળી હતી. આમ, 'પરંપરાગત યુગ'નાં અખા અને 'આધુનિક્યુગ'ના નર્મદ વચ્ચેનો સેતુ સાંધતા સૂક્ષ્મ બીજ મહત્ત્વનાં બને છે. નર્મદે અખા વિશે લખ્યું છે કે, ''અખા એ તેના છપ્પામાં મર્દાની રીતે લોકોમા ચાલતા દાખલાઓથી ઠગબાજી અને ધરમઘેલશાઈને હસી નાખી છે- હસવામાં નિંદા કરીને લોકને શિખામણ દીધી છે. એણે જે દાખલાઓ મૂકયા છે તે ખરેખર અસર કરે તેવા છે. કદાપિ એમ લાગે કે એક વાતના બોધને માટે જુદાજુદા ઠેકાણાનાં પ્રસંગોને પ્રમાણરૂપ સાથે મૂકવામાં તેને ઘણી મહેનત કરવી પડી હશે, તો પણ એની લખવાની છટા ઉપરથી સાફ જણાય છે કે તેણે બહુ જોયેલું, બહ સાંભળેલું અને બહુ વેઠેલું તેથી જ તેણે સહજ રીતે લખ્યુ છે ને તેજ તેની કવિદાખલ ખૂબી છે.'' અખાને મુધલ યુગનો નર્મદ કહી શકાય. બંનેના સમય જુદાજુદા હોવા છતાંય બંને જુસ્સાદાર સમાજ સુધારકો હતા. બંનેના અવાજનો એક સરખો રણકો હતો કે, ''જે નૈતિક દષ્ટિએ ખોટું હોય તે ધાર્મિક અને સામાજિક દૃષ્ટિએ કદી પણ સાચું હોઈ શકે નહિ.''[૧૧]

તુકારામ મોટેભાગે 'શ્રેષ્ઠ સંત' તરીકે વધુ જાણિતા છે. તેમનો વિચાર સંત તરીકે કેટલો થયો છે અને કવિ તરીકે કેટલો થયો છે તે એક વિચારવા જેવો પ્રશ્ન છે. એક રીતે જોતા આ વાત બધા સંતોને લાગુ પડે છે. જ્ઞાનદેવ, નામદેવ, ચોખા મેળા વગેરે સંતકવિઓનો ઉલ્લેખ જેટલો 'સત' તરીકે થાય છે એટલો 'કવિ' તરીકે થતો નથી. તેથી તેમનો અભ્યાસ 'સંતકવિ' તરીકે કરવામાં આવે તો તેમનું કવિત્ત્વ ઉંડાણથી સમજી શકાય. તુકારામ જન્મે તો સુખી, સંસારી, પૈસાપાત્ર એવી વ્યક્તિ હતી. તે જન્મજાત કવિ નહોતા. પણ તેમનાં અંતરમાં સ્વભાવગત ઋજુતા અને પ્રાણી માત્ર તરફ દયાને કારણે કવિત્ત્વ કરવા સમર્થ એવી કોમળ ભાવનાઓ ચોક્કસ હતી. તે આ અંગે પોતેજ કહે છે કે, ''तुका म्हणे झरा। आहे मुळचा चि खरा।'' (મારા અંતરનું આ ઝરણું સતત વહેતું રહ્યું છે.) પણ આ અંગે શરુઆતનાં વર્ષોમાં તેમને કશી ખબર જ પડી નહોતી. પરિસ્થિતિનાં પરિણામને કારણે તેમનું મન વિક્ષુબ્ધ ન થયું હોવત તો આ ઝરણું બહાર આત કે કેમ ! એવી શંકાઅહીં ઉપસ્થિત થાય છે. પોતાને કવિત્ત્વ સ્ફૂર્તી કેવી રીતે થઈ તે અંગે તેમણે જણાવેલા અભંગો આપણે આગળનાં પ્રકરણમાં જોયા છે તેથી અહીં પુનરાવર્તન કરતી નથી. જોકે એ અભંગો ઉપરથી એક વાત ચોક્કસ કહી શકાય કે તેમનાં કાવ્યો વ્યુત્યત્તિમૂલક ઓછા અને અંતઃસ્ફૂરિત એવા વધારે છે. પણ જેમ કાવ્યસ્ફૂતી થયા પછી તે કવિ તરીકે પ્રગટ થાય છે તેવી રીતે તેમનું સંતત્વ એકદમ પ્રગટ થતું નથી. તુકારામે પોતાની કાવ્ય વ્યુત્પતિ વિશે કહ્યું છે કે તેમણે પહેલાં તો પોતાના પુરોગામામીઓની રચનાઓ ને શ્રદ્ધાપૂર્વક આત્મસાત કરી હતી. જેમકે જ્ઞાનદેવ, નામદેવ, જનાબાઈ, એકનાથ વગેરે.એક અર્થમાં તેમણે આ પોતાનાં પુરોગામીઓની રચનાઓનોઅભ્યાસ કર્યો હતો, પ્રભાવ પણ જીલ્યો હતો, તેમની પરંપરાને મનથી

૧૧.અખો- ગુજરાતી સમાજ અને ભક્તિ, ડૉ. મકરન્દ મહેતાનો તા.૮/૭/૦૭નાં રોજ 'ગુજરાત સમાચાર'માં ગુજરાતના ઘડવૈયા અંતર્ગત પ્રકટ થયેલા લેખમાંથી.

આત્મસાત કરી હતી. પણ સૌથી મોટી વાત એવી કે તેમનામાં પોતાનાં આ સમર્થ એવા પુરાગામીઓનો પ્રભાવ હતો, તેમના કાવ્યો બદલ શ્રદ્ધા હતી, પણ આંધળું અનુકરણ કે અહોભાવ નહોતો. તેમણે જ્ઞાન તો બધુ જોઈ, વાંચી, અનુભવથી મેળવ્યું પણ સર્જન તો પોતાની રીતે મૌલિક, સ્વતંત્ર એવું જ કર્યુ હતું.

પોતાનું સર્જન કે સાહિત્ય 'અપુરુષ' છે એવું તે જયારે કહે છે ત્યારે તેમાં પોતાનું અજ્ઞાન, હજી પૂરતી માત્રામાં હું ઘડાયો નથી- એવું નિવેદન અને પોતાની ભૂલો માફ કરવાની વિનંતી સમાયેલી જોવા મળે છે પોતાનાં અભંગો એ કોઈ વિશિષ્ટ પ્રકારનાં હેતુપૂર્વક કહેલા શબ્દો નથી પણ તે અંતઃસ્ફૂરિત છે અને એના દ્વારા તેમને થયેલું દર્શન પોતે વ્યકત કર્યું છે એવી તેમની ભાવના રહી છે. તેમાં તેમનાં અંતરનાં ઊંડાણમાંથી ઉપસેલા ભાવભીના શબ્દો છે, તેથી તેમાં ભાવોને વ્યકત કરતા વિવિધ રસો ઉપરાંત જીવંતતા જોવા મળે છે. તુકારામને શબ્દોનાં સામર્થ્યનું ભાન હતું અને તેથી જ શબ્દો અંગે ભારે ગંભીરતાથી અને ગૌરવથી કહે છે કે,

– ''आम्हां घरी धन शब्यांचीं च रत्ने।
शळ्याची च शस्त्रें यत्न करु॥'' (૩૩૯૬)

મરાઠીમાં સંતકિવઓમાંથી જ્ઞાનેશ્વર અને તુકારામે શબ્દોનો ઘણો ઊંડાણથી વિચાર કરીને પછી તેનો ઉપયોગ કર્યો છે. તેમનાં શબ્દો આત્મીયતા સાથે જોડાયેલા હોય છે, આત્માનુભૂતિ અંગેના હોય છે. તેમના મતે શબ્દને શબ્દ સાથે જોડવાથી કાવ્ય બનતું નથી. તુકારામે અનુભવ નિષ્ઠ કવિત્ત્વ ઉપર આપેલો ભાર તેમની આત્મનિષ્ઠા સાથેનો સંબંધ જોડી આપે છે. સ્વપ્ન અને વાસ્તવિકતા બંનેને એકબીજાનાં સમાનાર્થી ગણીએ તો એમ કહી શકાયકે સ્વપ્ન સ્વરૂપ જયારે શબ્દરૂપમાં વ્યકત થાય છે ત્યારે તે સત્યની કસોટીએ ચડે છે.

બીજી તરફ તુકારામ કઠોર વાસ્તવિકતાને નીડરતાથી સામનો કરનાર કવિ તરીકે જાણીતા છે. વાસ્તવવાદી લેખકોને તે આદર્શ કવિ લાગે છે. તેમણે પોતાના અભંગોમાં જે-છે-તેવી જ વાસ્તવિકતાને નિરૂપી છે. પરિણામે તેમની ભાષા ખરબચડી, કયારેક દુર્બોધ અને ગ્રામ્યતાનો નિર્દેશ કરનારી, ઔચિત્ય વગરની એવી લાગે છે. એટલે એવું કહી શકાય કે તુકારામની કવિતામાં સ્વપ્નસૃષ્ટિની સાથે વાસ્તવિકતા પણ જોડાયેલી છે. સ્વપ્નસૃષ્ટિ એટલા માટે કે દરેક કવિ પોતાની અલગ એવી ભાવસૃષ્ટિનું નિર્માણ કરતો હોય છે, જે એની પોતાની હોય છે. અને આ ભાવસૃષ્ટિ એજ સ્વપ્નસૃષ્ટિ એમ ગણીને આપણે ચાલીએ છીએ. માનવીનું જીવન પ્રારબ્ધને આધીન છે તેથી પ્રયન્ન પૂર્વક એને બદલી શકાતું નથી. તેથી જે પરિસ્થિતિ આપણને મળી છે તેમાં સમજદારીથી, ભક્તિપૂર્વક રહેવું એવું ગૃહિત તુકારામની સાથે સાથે અન્ય સંતોનાં સાહિત્યમાં પણ દષ્ટિગોચર થાય છે.

સાક્ષાત્કાર પછી બ્રહ્મરસના અનુભવથી તૃપ્ત થયેલા એવા તુકારામનાં મોંમાથી જે શબ્દો સરે છે તેને તેઓ પ્રસાદ તરીકે ઓળખાવી પોતાના માંજ સમાવી લેનારી શબ્દરચના કહે છે જે ગુણોની દષ્ટિએ ખૂબ વૈશિષ્ય્યપૂર્ણ છે. આ કારણથી તેમના શબ્દોને તેજ અને અભિવ્યકિત ક્ષમતા

પ્રાપ્ત થાય છે. આવા તેજનાં કેન્દ્રમાં બ્રહ્મ એટલેકે વિઠ્ઠલ હોવાથી આત્મસ્વરૂપના તે શબ્દો ચૈતન્યમય સુંદર અને રમણીય બને છે, તે કાવ્યની સંજ્ઞા પ્રાપ્ત કરે છે. તુકારામની કાવ્યરચના તેમની આત્મ સાધનાનાં પ્રયત્નોમાંથી ઉત્પન્ન થયેલી છે. પોતે જે કંઈ બોલી રહ્યા છે, તે પોતાનું છે એવોતે દાવો કરતા નથી. હું તો કેવળ માધ્યમ છું, મને માધ્યમ બનાવીને ઈશ્વર જ બોલી રહ્યો છે એવું તે વારંવાર કહેતા રહે છે. તુકારામની કવિત્ત્વની અધિકૃતતા કે તેનું પ્રમાણ ઘણીવાર આપે છે. તે કહે છે,

– ''तुका जरी सहज बोले वाणी।
त्याचे घरी वेदांत वाहे पाणी॥'' (૨૯૪૪)

(તુકારામ આવું સહજ રીતે બોલે છે તેનું કારણ વેદો તેના ઘરમાં પાણીની જેમ વહી રહ્યા છે.) તેમની આ પંક્તિમાંનો આત્મવિશ્વાસ તેમની વિઠ્ઠલ પ્રત્યેની શ્રદ્ધામાંથી ઉત્પન્ન થયો છે. આ ઈશ્વરના, વિશ્વંભરના બોલ છે એવી શ્રદ્ધા તેમનું આત્મબળ વધારી આપે છે. તેથી પોતાના શબ્દો ષડ્દર્શનનું અંતિમ પદ સમજવા માટેનાં વેદાંતોનાં વાહક છે એવું અધિકારથી કહે છે. સામાન્ય રીતે અતિશય નમ્રતાથી બોલનારા, પોતાની બાજુને સાચવીને ચાલનારા, કયારેક ઓછાપણું ચલાવી પણ લે એવા તુકારામ અહીં જુદા જ લાગે છે.

મૂળમાં તુકારામની પ્રકૃતિ સહજ–સરળ સ્વભાવની છે. તુકારામને રચનાનું જ્ઞાન નથી એવું નથી પણ તેને માટે તેઓ પોતાની સહજતા છોડવા તૈયાર નથી. રચના કૌશલ માટે ખબખળ વહેતા ઝરણાં જેવા પોતાનાં શબ્દોને– ભાવને બાંધી રાખવાનું તેમણે માન્ય રાખ્યું નથી. લોકો પોતાનની કવિતાને 'અસંબદ્ધ', 'ન ગમે તેવી' છે એવું કહેશે તોપણ ચાલશે પણ પોતાનાં કવિત્ત્વને રસિકતા આપવા માટે સહજતાનું– સરળતાનું બલિદાન આપવા તુકારામ તૈયાર નથી.

તુકારામે પોતાનાં કવિત્ત્વનું કેટલુંક શ્રેય સંતોને પણ આપ્યું છે. 'હું' જે કાંઈ બોલુ છું તેમા મારું કશુ નથી, હુંતો સંતોએ ખાધેલી પતરાવળીઓમાંથી બચેલું ભેગુ કરીને ખાઉં છું એવો ભાવ તેમણે વ્યકત કર્યો છે.

– ''आधारे बदली प्रसादाची वाणी ।
उच्छिष्टसेवनी तुमचिया॥'' (૨૧૯૨)

તુકારામ પૂર્વનાં સંતોની સ્ફૂટ રચનાઓ, ખાસ કરીને અભંગોનું આપણે ધ્યાનપૂર્વક મનન કરીએ તો તેમાંથી અનેક રચનાઓમાંથી પૂર્વ સંતોનાં વિચારો વ્યકત થતા જોવા મળે છે. તુકારામને એ જ્ઞાત છે કે પોતે તો એક પરંપરાના પથિક છે, જે પરંપરાનો સંસ્કાર પોતે જીલ્યો છે તેની ઉપરથી પહેલા અનેક સંતો–મહાત્માઓ પસાર થઈ ચૂકયા છે. આ માર્ગ આવા જ્ઞાની સર્જકોને કારણે જ પ્રકાશિત છે એવું તેઓ માને છે. પોતાન્રા પુરોગામીઓની અસર કે વિચારને અનુસરીને રચ્યા હોય એવા થોડાક અભંગો તુકારામની ગાથામાંથી મળી આવે છે. જેમકે નામદેવનાં અને જનાબાઈનાં અભંગોનું જ સમાનાર્થી

શબ્દોમાં પોતાની રીતે પ્રગટીકરણ કર્યું હોય એવા અભંગો પણ છે. એકનાથની કેટલીક પંક્તિઓ લગભગ એવાને એવાજ અર્થોમાં તુકારામમાં પણ જોવા મળે છે. તેમાનાં કેટલાંક ઉદાહરણો જોઈએ તો,

– ''ज्ञादेवः यमधर्म सांगे दूता । परिसावी निजकथा ।
जे थे रामनाथ वर्त्ता । तथा देशे न वजावे ॥''

(જ્ઞાનદેવ ગાથા ગાથા-૧૨૫)

''तुकारामः यम सांगे दूतां तुम्हां नाही तेथें सत्ता।
जेथें होय कथा सदा धोष नामाचा॥''(૨૩૬૦)

''नामदेवः हातीं हरिनामाचें भाले'' (નામદેવ ગાથા ૮૩૬)

''तुकारामः नामधोष बाण साचे।
भाले तुलसीं मंजुरेचे॥'' (૩૯૮૬)[૧૨] વગેરે....

તુકારામની અભંગવાણી પર જ્ઞાનેશ્વર ઉપરાંત નામદેવની અસર જોઈ શકાય છે એક રીતે જોતા તુકારામ અને નામદેવનું પારમાર્થિક જીવન ઘણું એકરૂપ જણાય છે. વારકરી સંપ્રદાયમાં ''ज्ञानाचा एका आणि नाम्याचा तुका'' (જ્ઞાનદેવનાં એકનાથ અને નામદેવનાં તુકારામ) એવી ઉક્તિ પ્રચલિત છે. તુકારામને નામદેવે સ્વપ્નમાં આવીને કવિત્ત્વ કરવાનો આદેશ આપ્યો અને તુકારામની વાણી ઉઘડી એ અંગે આગળ આપણે જોઈ ગયા છીએ. પણ અહીં જ્ઞાનેશ્વરની વાત કરીએ તો તુકારામને જ્ઞાનેશ્વર ઉપર અપાર શ્રદ્ધા, આદર અને ભક્તિભાવ હતો. જ્ઞાનેશ્વર સામે પોતે કેટલાં નાનાં છે, અણસમજુ છે તેની વાત તુકારામે આ અભંગોમાં વ્યકત કરી છે. તેમાં જ્ઞાનેશ્વર પ્રયેનો ખરા મનથી તુકારામે વ્યકત કરેલો અહોભાવ જોવા મળે છે. પોતાનાં પુરોગામી વિશે આટલી ઉઘડ રીતે વાત માંડનાર સર્જકો ઘણા જૂજ જોવા મળે છે, તુકારામ તેમાના એક છે.

''ज्ञानियांचा राजा गुरु महाराव।
म्हणती ज्ञान देव तुम्हा ऐसे॥
मज पामरा हे काय थोरपण।
पायीची वाहाणे पायी बरी ॥
ब्रह्मादिक जेथें तुम्हा वोळंगणे ।
इतर तुळणें काय पुरे॥
तुका म्हणे नेणे युकितची ते खोली।
म्हणोनि ठेविली पायीं डोई॥'' (૩૩૭૨)

---

૧૨. तुकाराम લે.મ.સુ. પાટીલ, શાર્દુ પ્રકાશન, મુંબઈ, પહેલી આવૃત્તિ-જુન ૨૦૦૪, પૃ.૩૩
બંને અભંગોનો સંદર્ભ સાર્થ શ્રી તુકારામની ગાથા, સંપાદકઃ વિષ્ણુબુવા જોગ મહારાજ, ઢવળે પ્રકાશન, પંદરમી આવૃત્તિ-જુલાઈ-૨૦૦૩ માંથી સાભાર.

અહી તુકારામે જ્ઞાનેશ્વર સામે પોતાની શરણાગતિ સ્વીકારી હોય એવોભાવ વ્યકત કર્યો છે. તે કહે છે કે, તમે જ્ઞાની છો, તમે જ સર્વ શ્રેષ્ઠ ગુરુદેવ છો માટે તમને સૌ જ્ઞાનદેવ કહે છે. તમે બધા જ્ઞાનીઓનાં રાજા છો. હું તમારા ચરણોમાં શરણ લઉં એજ ઉત્તમ છે. એ સિવાય મારા જેવા પામર માટે મોટું કામ જ શું છે? બ્રહ્માદિક દેવતાઓ પણ જ્યાં તમારું શરણ લેવા આવે છે ત્યાં તમને લાગુ પડે એવી ઉપમા હું કયાંથી લાવું? તુકારામ કહે છે કે હું કોઈ કળા કે યુક્તિનો મર્મ જાણતો નથી અને એટલેજ મેં તમારા ચરણોમાં મારું મસ્તક મુકી દીધું છે.

આ ઉપરાતં જ્ઞાનેશ્વર પ્રત્યે પોતાની આવી જ ભાવના વ્યકત કરતો તુકારામનો બીજો અભંગ પણ છે. ''जयाचियें द्वारी सोन्याचा पिंपळ।'' (૩૩૭૯)

આ બંને અભંગો મહારાષ્ટ્રમાં કે તેની બહાર, જ્યાં કોઈપણ જગ્યાએ મરાઠી કીર્તન થતું હોય ત્યાં આજની તારીખે પણ ભારે ભક્તિભાવપૂર્વક ગાવામાં આવે છે. આ બંને અભંગોની રચના તુકારામે કરી છે પણ તેમાં વાત જ્ઞાનેશ્વરની થાય છે. તેથી એક અભંગમાં બંને સંતો યાદ કર્યાનું પૂણ્ય મળતું હોય એવો તેનો ભાવ હોઈ શકે.

મધ્યકાલીન મરાઠી સાહિત્યમાં દરેક સંતકવિઓની સ્ફૂટરચનાઓનો, અભંગોનો સંબંધ ભક્તિમાર્ગને સમાંતર હોવાથી તેમાં ઘણું સામ્ય જોવા મળે છે. તુકારામમાં પણ આ સામ્યતા તેમને પૂરોગામીઓ સાથે જોડી આપે છે પણ તેને કારણે તેમનાં મનમાં કોઈ અપરાધભાવ કે ઓછાપણું કયારેય વ્યકત નથી થયું. કારણકે પ્રભાવ કે અસર કોઈની પણ હોય તે સારું જ છે.પણ અભિવ્યક્તિ તુકારામની પોતાની છે એવાત આપણે જાણીએ છીએ. દરેકના સર્જકના અનુભવમાં ભિન્નતા રહેલી હોય છે.

બીજું તુકારામ સુધીનાં કાળમાં કોઈપણ બ્રાહ્મણેત્તર કવિને વધુ મહત્ત્વ નહોતું. કવિત્ત્વ કરવું એ બ્રાહ્મણેત્તરનું કામ નથી એવી ધારણા સાહિત્યક્ષેત્રે પ્રવર્તતી હતી. બ્રાહ્મણેત્તરે કવિત્વ કરવું એનો અર્થ એ સાચી કવિતા રચતો નથી પણ પાખંડ કરે છે એવું માનવામાં આવતું હતું. આ સંબંધી કેટલાક ઉલ્લેખો તુકારામના સર્જનમાંથી મળી આવે છે. જે તેમના આત્મકથનાત્મક અભંગોમાં છે. એક તબક્કે પોતાનું કવિત્ત્વ કરવું ઈશ્વરને પણ નથી ગમતું એવો ભાવ તુકારામનાં મનમાં ઉદ્‌ભવ્યો હતો, 'હું હવે આવી પાણીમાં નાખી દેવા જેવી કવિતાઓ નહીં રચું' એવો પણ તેઓ નિશ્ચય કરી ચૂકયા હતા. (તુકારામની કવિતાઓને ગામનાં પંડિતોએ નદીમાં નંખાવી દીધી હતી તે પ્રસંગ પછી) પણ કાળાંતરે એવું બન્યુ કે જે લોકોએ તેમની કવિતાનો વિરોધ કર્યો હતો એમણે જ તુકારામની કવિતા માન્ય રાખી તુકારામને હૈયે ચાંપ્યા હતા. અને આમ તુકારામનાં કવિત્ત્વને પ્રતિષ્ઠા મળવી શરુ થઈ હતી. કહેવાનું તાત્પર્ય જે સમયે શુદ્રોને સર્જનનો અધિકાર નહોતો એવા સમયે ઉચ્ચ ગણાતા લોકોએ પણ શરુઆતમાં તુકારામને ત્રાસ આપી પછી કસોટી દ્વારા તેમને કવિ તરીકે માન્ય કરી હૃદયથી તેમનો સ્વીકાર કર્યો હતો. આને તુકારામની કાવ્યશક્તિ નું સામર્થ્ય કહી શકાય ! પોતે સમાજનાં શૂદ્ર વર્ણમાંથી આવતા હોવા છતાંય ઈશ્વરે તેમને નામદેવ જેવા સમર્થની સાથે સ્વપ્નમાં આવીને કવિત્ત્વ કરવાનો

આદેશ આપ્યો છે, તેથી પોતાનું કવિત્ત્વ ઈશ્વરવૃતિ છે, ઈશ્વરની કૃપાથી થઈ રહ્યું છે એવી પ્રતિતી થયા પછી તુકારામનો આત્મવિશ્વાસ અને શ્રદ્ધા બંનેમાં વધારો થાય છે. આ શ્રદ્ધાને કારણે પોતાને મળેલા સામર્થ્યનું અભિમાન ન થઈ જાય એની કાળજી પણ અખાની જેમ તુકારામે રાખી છે.

તુકારામે પોતાની કવિતામાં પ્રેમ અને ભાવને વધારે મહત્ત્વ આપ્યું છે. અહીં પ્રેમ એટલે તેમનો ઈશ્વર પ્રત્યેનો એવું ગૃહિત છે. જો ઈશ્વરનો પ્રેમ હું કવિત્ત્વમાં ઉતારી શકું તો જ મારું કવિત્ત્વ સફળ થયું કહેવાય એવું તુકારામ માને છે.

''अक्षरांचा श्रम केला। फळ आला तेणें तो॥'' (૯૦૫) તેમના કવિત્ત્વને ઈશ્વર પ્રેમનો સંગાથ મળવાથી તેમાં અમૃત ઉત્પન્ન થયું એમ તે કહેછે. બુદ્ધિજન્ય જ્ઞાન, તાર્કિક જ્ઞાન, મતમતાંતરો જેવી બાબતો ઈશ્વરનું સાનિધ્ય મેળવવામાં આડખીલીરૂપ બને છે એવું તે માને છે. ઉપરાંત તુકારામનાં અભંગોમાં વણાયેલું ગીતાનું જ્ઞાન અને જ્ઞાનેશ્વરીની ઉક્તિઓ વારંવાર આપણી સમક્ષ પોતાની શૈલીમાં મુકી આપે છે. તેનો અર્થ અહીં એવો નથી કે તેમણે આ ગ્રંથોનું પાંડિતી અનુકરણ કર્યું છે. છંદો જેવા શાસ્ત્રોથી તેઓ અજાણ હતા, અક્ષરગણવૃત્તોનો અને માત્રાવૃત્તોનો ક્યાંક ઉપયોગ કર્યો છે પણ તેમાં ચોકસાઈ નથી. છતાંય એવા કાવ્યોમાં પણ સૌંદર્યતો છે જ ! પોતાનાં કવિત્ત્વનાં અભિમાનનું ગાણું તુકારામે ગાયુ નથી.

તુકારામના સર્જનનું સૌથી મોટું સબળ પાસું એ છે કે તેમણે પોતાનો સંબંધ વાસ્તવિક જગત સાથે જેવો છે તેવો જ નિરુપ્યો છે. કવિત્ત્વ એ તેમના માટે પોતાની સામાજિક સંબંધોની પરિણતી સ્વરૂપ રહ્યું છે. તેથી તુકારામનાં સર્જનમાંથી મળતા ઉપમા, રૂપકો, દૃષ્ટાંતો, વિરોધાભાસ આ તમામમાં તેમની આસપાસનાં જીવનનું તેમણે કરેલું સૂક્ષ્મ નિરિક્ષણ જોવા મળે છે, નિરિક્ષણ ઉપરાંત પોતાનો અનુભવ પણ તેમણે તેમાં વણ્યો છે. કુદરતી તત્ત્વો, પશુ-પક્ષી, વનસ્પતિ, વેપાર-ખેતી, ધર્મ, જ્ઞાન, વૈદ, જેવા અસંખ્ય વિષયો તેમણે આવનરીને પોતાનું અનુભવસિદ્ધ કવિત્ત્વ રજૂ કર્યું છે. તુકારામનાં કેટલાંક અભંગો લોક શિક્ષણનું માધ્યમ પણ બન્યા છે. અભંગો દ્વારાજ તેમણે સામાન્ય જનોને પરમાર્થ અને પરબ્રહ્મ વિશેનું જ્ઞાન આપ્યું છે. તુકારામની બહુશ્રુતતા પણ અભંગોનાં ઉદાહરણો અને વિષય વૈવિધ્ય ઉપરથી દષ્ટિગોચર થાય છે. સામાન્ય વ્યકિતનાં ભાવો, તકલીફો, અજ્ઞાન, જડતા, અંધશ્રદ્ધા, પ્રત્યે તુકારામ શરૂઆતમાં ગુસ્સો કરીને ઝૂડી નાખે છે પણ પછી આત્મીયતાથી, શાંતિથી તેનો ઉકેલ પણ મૃદુભાષી એવા તુકારામ જ કહી આપે છે. તેમણે કોઈને ધૂત્તકાર્યા નથી, ઈશ્વરની જેમ પહેલા કષ્ટો આપીને પછી પ્રેમથી ભીંજવી નાખ્યા છે. જે સમાજે તેમને ઘણી તકલીફો આપી, તેમનો તિરસ્કાર કર્યો એ સમાજને પણ તેમણે ધુત્કાર્યો નથી. પોતાને સમાજનાં એક અંગ માનવા કરતાંય, સમાજને પોતાનું એક અંગ માનીને કોઈપણ ભેદભાવ રાખ્યા વગર તેની સાહિત્યિક અને સમાજિક તેમજ આધ્યાત્મિક સેવા કરી છે. વિઠલને પોતાની 'માઉલી'- માતા કહેનારા તુકારામે તત્કાલીન સમાજને તેની બદીઓથી બચવા માટે પોતાનાં જ્ઞાનરૂપી ક્વચનું દાન આપ્યું હતું એમ કહી શકાય. અને આ કારણે તેમનાં અભંગોમાંથી જ્ઞાન, ભક્તિ, દયા, ક્ષમા, શાંતિ અને વાત્સલ્યભાવ સતત ઝરતો

રહ્યો છે. પરિણામે આજે તેમની સાહિત્ય રચનાના સાડાત્રણસો વર્ષ પછી પણ મરાઠી મનમાં તે અભંગરૂપે સતત ગૂંજતા રહે છે. તુકારામ માનવતાવાદી કવિ છે.

અહીં તુકારામનો એક અભંગ મને યાદ આવે છે. આ અભંગમાં તેમણે તત્ત્વજ્ઞાન અને ભક્તિનું મિશ્રણ કરીને એક અત્યંત સુંદર એવી દેવીનું એટલેકે શ્રી વિઠ્ઠલનું રૂપવર્ણન કર્યું છે. આ રૂપવર્ણનમાં ઉપમાઓ અને રૂપકોમાં તુકારામની કવિત્ત્વની ચરમસીમા જોવા મળે છે. તેમની વર્ણન શક્તિનું શ્રેષ્ઠ ઉદાહરણ તરીકે આ અભંગને યાદ કરવો પડે. ભક્તિ ઉપરાંત સાહિત્ય જગતમાં પણ તુકારામનો આ અભંગ ઘણો જાણિતો છે. તેનો ભાવાર્થ આ પ્રમાણે આપી શકાય.

''જેનું મુખ અતિ ઉત્તમ છે, જેના કાનમાં મનોહર કુંડળ ડોલી રહ્યા છે, જેના માથાની વેણીની આકૃતિ નાગ જેવી છે, જેને કપાળે કેસર કસ્તુરીનું તિલક છે, જેના નેત્રો વિશાળ છે અને જે કટાક્ષયુકત દષ્ટિથી જોઈ રહી છે, જેના કંઠમાંઃ વૈજયન્તી માળા ઝળકી રહી છે, જેણે પોતાના પીતાંબરનો કછોટો વાળયો છે અને જેને શરીરે ચંદનનં લેપન બહેક-બહેક થઈ રહ્યું છે, એવી અતિ ઉત્તમ અને સુલક્ષણવતી દેવી મારા નવરાત્રીના વ્રતમાં આવીને ઉભી રહી છે જે અતિ તેજસ્વિની છે, જેની પ્રભા આગળ કોટિકોટિ સૂર્યચંદ્રનું તેજ ઝાંખુ પડી જાય છે. તેની લીલા એવી અનુપમ છે કે બ્રહ્માદિક દેવતા પણ તેને સમજી શકતા નથી. મારી શ્યામસુંદર દેવી અતિ તરુણ છે, તેની ચાર ભૂજાઓ અતિ સોહામણી છે, તેના વિશાળ વક્ષ:સ્થળ ઉપર રત્નોનાં આભૂષણો ઝળકી રહ્યા છે, તેની કેડે ઝીણી ઝીણી ઘૂઘરીઓવાળી કટિમેખલા મધુર રણકાર કરી રહી છે, તેના પગમાં નૂપુરની ઘૂઘરીઓ સુકોમળ ઝંકાર વ્યકત કરે છે, એવી અષ્ટાંગે શોભતી દેવીના રૂપલાવણ્યનું હું શી રીતે વર્ણન કરી શકું? તેને હું શાની ઉપમા આપું? શુદ્ધ રસની મૂર્તિ અને સૌંદર્યની સાક્ષાત ખાણ હોય એવી તે અલૌકિક છે. તે સર્વગુણ સંપન્ન છે. તેના મુખ ઉપર મધુર હાસ્ય રમી રહ્યું છે. તે જ્યારે બોલે છે ત્યારે અતિ કોમળ શબ્દો તેના મોઢામાંથી ટપકે છે. તે નારાયણી, આદ્યદેવી, બહુરૂપિણીની જેમ વિવિધ પ્રકારનાં વેશ ધારણ કરીને ખેલ ખેલે છે. પંઢરપુર નગરમાં તેનું ઘટસ્થાપન કરવામાં આવ્યું છે. ત્રૈલોકય એ તેનો આકાશ મંડપ છે. તેણે પોતાનો નવરાત્રિનો મહોત્સવ ચંદ્રકભાગાને કિનારે આરંભ્યો છે. પોતાના ભકતોનાં કાર્યો સિદ્ધ કરવા માટે તે કૃષ્ણાબાઈ જોગેશ્વરી દેવી પધારી છે. તેત્રીસકોટિ દેવદેવીઓ અને આઠ કોટિ ભૈરવોનો સમુદાય તેની આરતી ઉતારે છે અને તેની ઉપર મંત્ર પુષ્પાજંલિ વરસાવે છે. નારદ, તુંબર અને ગંધર્વો ત્યાં આનંદથી ગીતવાદ્યનૃત્ય કરે છે. તુકારામ જે તે દેવીની ચરણજ છે એ આ મહોત્સવનું વર્ણન કરેછે અને પોતાનાં પંચપ્રાણ રૂપી દિવાઓથી તેની આરતી ઉતારી રહ્યો છે.''[૧૩]

તુકારામે અહીં વિઠ્ઠલરૂપી દેવીની જાણે કે શબ્દરૂપી આરતી વ્યકત કરી છે. અત્યાર સુધી વિઠ્ઠલને પરબ્રહ્મ તરીકે, માતા તરીકે, ગુરુ તરીકે, સખા તરીકે, રાગ દ્રેષથી સંબોધતા તુકારામે તેને દેવીનું સ્વરૂપ આપીને અંતરની ભક્તિને શબ્દો દ્વારા સાહિત્યને અર્પણ કરી છે એવું લાગે છે. તુકારામ

૧૩. સાર્થ શ્રી તુકારામચી ગાથા, સંપાદક : શ્રી વિષ્ણુબુવા જોગ મહારાજ, ભીખાજી ઢળવે પ્રકાશન, પંદરમી આવૃત્તિ-જુલાઈ-૨૦૦૩ અભંગ નં. ૩૯૯૦-૩૯૯૧ પૃ. ૮૯૬

સિવાય અન્ય કોઈ સંતકવિમાં આટલા બધા પરિમાણો એકસાથે આટલી ઉંચાઈએ જવલ્લેજ જોવા મળે છે, તે એમની વિશિષ્ટતા છે એવું મને લાગે છે.

અખો અને તુકારામ બંને સમર્થ સર્જકો છે. ગુજરાતી અને મરાઠી ભાષાનું સાહિત્ય તપાસીએ છીએ ત્યારે જ્ઞાનમાર્ગી કવિતાનાં સંદર્ભે મધ્યકાળનાં સાહિત્યનાં ઈતિહાસમાં આ બંને સર્જકોનાં અસ્તિત્વને અને એમના સાહિત્યિક તથા તાત્ત્વિક પ્રદાનને કોઈપણ ભાષા સાહિત્યના ઈતિહાસનો વાચક નકારી શકે તેમ નથી. આ બંને સર્જકો વગર મધ્યકાલીન સાહિત્ય અધુરૂં લાગે છે. બંને પોતપોતાની ભાષા સાહિત્યમાં પોતાના પ્રદાન દ્વારા આજે પણ અડિખમ ઉભા છે. તેમનાં અનુગામીઓની હારમાળા તપાસીએ તો પણ બીજો અખો કે તુકારામ સાહિત્યનાં આકાશમાં નજરે પડતો નથી અને એજ એમનું ઐતિહાસિક મૂલ્ય છે. મધ્યકાલીન ગુજરાતી-મરાઠી સાહિત્યનો ઈતિહાસ આ બંને જ્ઞાનમાર્ગી સર્જકોનાં અભ્યાસ સિવાય અધુરોજ રહી જાય. તેમનાં કાવ્યોની લાક્ષણિકતાઓ, વિષય વૈવિધ્યની ચર્ચા આગળનાં પ્રકરણોમાં વિસ્તૃત રીતે કરી છે પણ સમગ્ર સાહિત્યિક પ્રવાહમાં એમના પ્રદાનને મૂલવતા એમના વૈશિષ્ટ્યને કોઈ આંબી શકયું નથી જ પણ અનુસરી શક્યું હોય એવું પણ ઝાઝું દેખાતું નથી. બંનેની સમાજ સાથેની નિસ્બત આપણને આશ્ચર્યચકિત કરી મૂકે છે. બંને પોતાનું દાયિત્ત્વ સમજતા હોય એવી રીતે સમાજને અજ્ઞાન, જડતાની ઊંઘમાંથી જગાડવાનું કામ માથે લે છે. એટલેજ સમાજને આકરા પણ લાગ્યા છે. કોઈને પણ ઊંભમાંથી જગાડવાનું કામ અઘુરું હોવાથી આકરા શબ્દ પ્રયોગો દ્વારા જ જાગૃતિ લાવી શકાય એમ બંને ચોક્કસપણે માને છે. પાંળીને કહેવા કરતા, ખોટાને ખોટું કહેતા આ બંને સર્જકોએ ખચકાટ અનુભવ્યો નથી.

કયારેક સર્જકો પણ સમાજની પરવા કરતા હોય છે, ત્યારે સમાજ એમને કેટલો આવકારે છે, સત્કારે છે એવું બીજ પણ કયાંક સર્જકનાં ચિત્તનાં ખૂણામાં રહેલું હોય છે. અખો અને તુકારામ બંને કંઈક જુદા ગજાનાં સર્જકો હોવાથી સમાજ પોતાને કેવો પ્રતિસાદ આપશે એની પરવા કર્યા વગર લખે છે. સત્યથી છેટા રહેવાનું એમને પરવડ્યું નથી. એટલે પોતાની આગવી સૂઝબુઝ, પોતાના વાંચન અને ખાસ તો અનુભવોનાં વિપુલ વ્યાપમાંથી જે કંઈ સ્પષ્ટપણ કહી શકાયું એ નિડરપણે કહ્યું છે, અને સાહિત્યનાં ઈતિહાસમાં અમૂલ્ય સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. સાહિત્યનો ઈતિહાસ પણ તેમને ઉવેખી શકે તેમ નથી. બંને પોતપોતાની ભાષામાં, છપ્પા અને અભંગોના પર્યાય બનીને ઉભા છે. તેમનું સ્થાન વર્ષોથી અટલ, અચળનું અને આવનારા સાહિત્યમાં પણ તેમને કોઈ ભૂલી શકે તેમ નથી. ગુજરાતી સાહિત્ય જેમ અખા વગર અધુરૂં ગણાય તેમ મરાઠી સાહિત્ય પણ તુકારામ વગર અધુરૂં ગણાય છે.

હવે બંને સર્જકોને થોડાક આધુનિક દૃષ્ટિકોણથી પણ તપાસીએ. ગુજરાતી સાહિત્યમાં અત્યાર સુધી ઘણાં સાહિત્યકારો, વિવેચકો અને અભ્યાસુઓએ અખાને, તેનાં સર્જનને વિવિધ પરિમાણોથી ચકાસી તેની સમર્થતાને બિરદાવી છે, તેનાં સર્જનને ઉચ્ચતમ દરજ્જો આપ્યો છે. આજે પણ અખો ગુજરાતી સાહિત્યનો અજોડ શકાય એવો મહત્વનો સર્જક છે તેમાં કોઈ શંકા નથી.

શ્રી ઉમાશંકર જોશી, બ.ક.ઠાકોર, અનંતરાય રાવળ, ડૉ. શિવલાલ જેસલપુરા જેવા અનેક વિદ્વાનોએ અખાને પોતાનાં શબ્દોમાં બિરદાવતા કહ્યું છે કે,

- અખાનું ખડખડાટ હાસ્ય એ આપણા સાહિત્યનું મહામૂલું ધન છે.
- સરળ અને સચોટ વાણીમાં અને ઘણું ખરુ તો હાસ્યજનક ચિત્રો દોરીને જેવો અખાએ હાસ્યરસ જમાવ્યો છે તેવો આપણા સાહિત્યમાં બહુ ઓછા લેખકોએ સિદ્ધ કર્યો છે.
- કોઈવાર અખો અટ્ટહાસ્ય કરે છે, તો કોઈવાર ટાઢો ટમકો મૂકીને ખસી જાય છે. હમણાં એને દાંત કચકચાવીને બોલતો આપણે સાંભળીએ છીએ તો ઘડીવાર પછી મૂછમાં આછું હસતો ઠેકડી કરતો એને જોઈએ છીએ.
- અખાનો છપ્પા સંગ્રહ એટલે, જેમ આપણું કેટલુંક સંર્વોત્તમ કટાક્ષ સાહિત્ય તેમ આપણું કેટલુંક સરળ અને સચોટ અધ્યાત્મ સાહિત્ય પણ ખરું !
- છપ્પા અખાનાં સંદેશ, શૈલી અને વ્યકિતત્ત્વનું અને એની બધી લાક્ષણિકતાઓનું એકત્ર દર્શન કરાવતું યશોદાયી સર્જન ગણાશે.
- છપ્પા એ અખાનોજ નહિ પણ ગુજરાતી સાહિત્યનો એક ઉત્તમ ગ્રંથ છે.
- અખાને આપણે છપ્પામાં વિવિધ રીતે જોઈ શકીએ છીએ. તે તત્ત્વજ્ઞ છે, કવિ છે, બ્રહ્મનિષ્ઠ સંત છે, સુધારક છે અને હસી હસીને ઠેકડી ઉડાવી મૂઢ લોકોની સાન ઠેકાણે લાવવાની અજબ કુનેહ ધરાવનારો માનસશાસ્ત્રી પણ છે વગેરે...

મને લાગે છે કે, અખો હજી આનાથી પણ ઘણુબધું મેળવવાને લાયક હતો, છે. અખો તેનાં કડક સ્વભાવથી આકરી વૃત્તિથી, બેફામ બનીને તત્કાલીન સમાજ ઉપર તૂટી તડયો હતો. તે સમયે કદાચ એની અવગણના થઈ હશે. હાંસીને પાત્ર પણ કયારેક બન્યો હશે, લોકોએ તેની વાત સાચી છે એ જાણ્યા પછી જાણી જોઈને તેની ઉપેક્ષા કરી હોય એવું પણ શકય છે તેથી તેના સમયમાં તો તેની ખ્યાતિ દૂરસુદૂર સુધી ફેલાઈ હતી એવું કશું જાણવા મળતુ નથી. આજે અખો કે તેનું સર્જન ગુજરાતમાં સાહિત્યનાં અભ્યાસુઓ પૂરતું જ મર્યાદિત રહ્યું હોય એવું લાગે છે. સામાન્ય જનમાં અખો થોડો ઘણો જાણિતો છે અને તે પણ એના કટાક્ષમય છપ્પાઓનાં કારણે. જેમ નરસિંહ કે મીરાં નાં પદો-ભજનો હાલનાં સમયમાં કેસેટ, સીડીઝ, પુસ્તકો કે ફિલ્મો દ્વારા જાણિતા થયા છે, એવું અખાની બાબતમાં બન્યુ નથી. એ વાતે તેને અન્યાય થયો હોય એવું મને લાગે છે. અખાને તેનાં છપ્પાઓને કારણે લોકો ઓળખે છે પણ મર્યાદિત પ્રમાણમાં ! તેનાં સુંદરતમ, ભાવપૂર્ણ, તત્ત્વજ્ઞાનથી સભર એવા અનેક સર્જનો છે જેમને પુસ્તકમાંથી, ઈતિહાસમાંથી બહાર કાઢવાની જરૂર છે. સામાન્ય લોકો તેને ફકત 'આકરો અખો' તરીકે જ ન ઓળખે પણ જ્ઞાની, કવિ, સંત તરીકે ઓળખે એ જરૂરી છે. તે માટે તેનાં સુંદરતમ સર્જનોને વીણીવીણીને, તેનું ચયન કરીને કેસેટ, સીડીઝ કે સેમીનારો દ્વારા લોકો સમક્ષ સારી રીતે

પ્રદર્શીત કરવા જોઈએ. એ જેવો છે તેવોજ પ્રગટ કરવાનો છે. પણ હાલનાં સમયની, લોકમિજાજની, લોક પસંદગીને ધ્યાનમાં લઈને! અખો આમ પણ ન ભૂતો ન ભવિષ્યતિ હતો- છે અને રહેશે એમા કોઈ શંકા નથી.

તુકારામ આ બાબતમાં ઘણાં નસીબદાર કહી શકાય. તેમનાં શરૂઆતનાં જીવનમાં સમાજ તરફથી તેમને ઘણા કડવા અનુભવો મળ્યા હતા. (દેવાળું ફૂંકાયા પછી લોકોએ નાણા ડૂબાડ્યા, લેણદારોએ બધુ વેચી-સાટીને પણ પોતાનું લેણું વસુલ કર્યું, તેમની કવિતાઓને ગામનાં બ્રાહ્મણોએ ઈન્દ્રાયણી નદીમાં પધરાવી નાખવાની ફરજ પાડી, તેમનાં કીર્તનમાં આવતા લોકોની પજવણી કરવી, તુકારામને અંગત, સામાજિક રીતે ત્રાસ આપવો જેવી ઘણી તકલીફો મળી. જીંદગીભર કર્કશા પત્નીનો ત્રાસ તો હતો જ.) પણ તેઓ જ્યારે ધીમેધીમે જાણિતા થયા પછી લોકો તેમના કીર્તનમાં આવવા લાગ્યા. તેમને કીર્તન માટે પોતાને ગામ- મંદિર કે ઘરે બોલાવવા લાગ્યા. શિવાજી મહારાજ જેવા પણ તુકારામથી અત્યંત પ્રભાવિત થઈને તેમનાં સહવાસ માટે, તેમની સાથે જ્ઞાન-ભક્તિની વાતો કરવા માટે છેક દેહુ આવતા થયા. તુકારામને બહિણાબાઈ જેવી શિષ્યા મળી. ૧૪ ટાળકરીઓનો સાથ મળ્યો. જીવનનાં અંતે તેમની આસપાસ તેમનાં ચાહકો પણ ઘણા હતા.

આજે પણ તુકારામ એટલાજ પ્રસિદ્ધ છે. તેમનાં અભંગો વર્ષોથી મરાઠી ભાષામાં, સાહિત્યમાં અને મરાઠી જીવન- સંસ્કૃતિમાં આજે પણ વણાયેલા છે. લતા મંગેશકર, ભીમસેન જોશી, સુરેશ વાડકર, સુધીર ફડકે, આશા ભોંસલે અને એવા કેટલાંય જાણિતાં- અજાણતાં કલાકારોએ તેના અભંગોને પોતાનો સ્વર-સંગીત આપી, મહારાષ્ટ્રની નસેનસમાં, નાના ગામડાથી માંડીને મુંબઈ, પૂણા જેવા મોટા શહેરોમાં પણ જીવંત રાખ્યા છે. કોઈએ તુકારામના અભંગો ન સાંભળ્યા હોય એવી વ્યકિત મહારાષ્ટ્રમાં શોધવી મુશ્કેલ છે. ગાયન-વાદન ઉપરાંત તુકારામ આજનાં આધુનિક મરાઠી સાહિત્યમાં મુખ્ય કથાવસ્તુ તરીકે સ્થાન પામી રહ્યા છે. કેટલાંય લેખકોએ તુકારામને કેન્દ્રમાં રાખી અનેક સર્જનો રચ્યા છે. જેમા,

- શ્રી દિ.બા.મોકાશીએ, તુકારામનાં જીવન ઉપર આધારિત એવી લઘુ નવલકથા 'આનંદ ઓવરી' લખી છે.
- શ્રી ગો.ની. દાંડેકરે તુકારામનાં ચરિત્ર ઉપર આધારિત નવલકથા લખી છે. ઈ.સ. ૧૯૮૧માં પ્રકાશિત થયેલી તેમની નવલકથા 'તુકા આકાશા એવઢા' ભારે પ્રસિદ્ધિ પામી છે.
- શ્રીમતી મૃણાલિની જોશીએ તુકારામ ચરિત્ર ઉપર આધારિત આનંદાચે ડોહી આનંદ તરંગ નામની એક ચરિત્રાત્મક નવલકથા રચી છે.
- શ્રી રંગનાથ પાઠારેએ તુકારામ ચરિત્ર ઉપર આધારિત 'વૈકુંઠીચી માતી' નામની દીર્ઘકથા ઉપરાંત

- આધુનિક કહી શકાય એવા લેખક, વિવેચક, અનુવાદક શ્રી દિલીપ પુ. ચિત્રે રચીત 'પુન્હા તુકારામ'
- ડૉ આ.હ. સાળુંખે રચીત 'વિદ્રોહી તુકારામ' વિવેચનગ્રંથને ભારે આવકાર મળ્યો છે. તેમણે તુકારામનાં સમગ્ર જીવન- કવનને આધુનિક પરિપ્રેક્ષ્યમાં મુકીને તે આજે પણ કેટલા સુસંગત છે તેની ઉદાહરણો સહિત, તાર્કિક ચર્ચાઓ કરી છે.
- રા.ગ. જાધવનું તુકારામ દર્શનઃ આધુનિક પરિપ્રેક્ષ્યનાં સંદર્ભે લખેલું પુસ્તક 'વાગર્થ'. વગેરે મુખ્ય ગણાવી શકાય.

તુકારામનાં કેટલાંક મહત્ત્વનાં અભંગોનું બંગાળીમાં ભાષાંતર શ્રી યોગેન્દ્રનાથ બસુ તથા શ્રી સત્યેન્દ્રનાથ ઠાકુરે કર્યુ છે. દિલીપ ચિત્રે એ તુકારામનાં અભંગોનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે. તો ફ્રેંચ ભાષામાં પણ ડૉ. દલરીએ તુકારામનાં અભંગોને " Les Psaumes du Pelernis-" Paris-1956 શીર્ષક હઠેળ ફ્રેંચમાં અનુવાદીત કર્યા છે. ઉપરાંત મધ્યકાળમાં દેહુ નામનાં નાનકડાં ગામમાં જન્મેલા તુકારામનાં અભંગો આજે એકવીસમી સદીમાં વેબસાઈટ દ્વારા સીત્તેર (૭૦) દેશોમાં વંચાય છે. સાહિત્યમાં પોતાની સ્થળ-કાળને ઓળંગી જવાની શકિત હોય છે. અક્ષર સાહિત્ય કૃતી હંમેશા સર્વકાલીન અને સાર્વજનિક હોય છે એવો દરેક સાહિત્યનાં ચાહકનો અનુભવ રહ્યો છે.

અખો અને તુકારામ -આ બંને લોકનાયકોએ સાહિત્યમાં જ નહિ પણ પ્રજાનાં હૃદયમાં સ્થાન મેળવ્યું છે એમ કહેવામાં કોઈ અતિશયોક્તિ મને જણાતી નથી.

૪.૩ તત્ત્વજ્ઞાન : સામ્ય-વૈષમ્ય

અખો અને તુકારામ-બંને સર્જકો વિશેનાં અગાઉનાં પ્રકરણોમાં એમની સર્જન સિદ્ધિઓ દર્શાવતાં દર્શાવતાં તત્ત્વજ્ઞાનના ભિન્ન-ભિન્ન અભિગમોની ચર્ચા પણ કરી જ છે. તેથી અહીં પુનરુક્તિ ઝાઝી ન થાય તે ધ્યાનમાં રાખીને તત્ત્વજ્ઞાનને સમાંતરે મૂકી તેના ભેદ-પ્રભેદો તારવવાનો પ્રયત્ન કર્યો છે.

અખો અદ્વૈતનો ઉપાસક છે, સપૂર્ણ જ્ઞાનમાર્ગી કવિ છે. તે ભકિતનો છેદ સાવ ઉડાવી દે છે. એમ નથી પણ ભક્તિને માધ્યમરૂપ ગણી નિરાકારાની સાધનામા કેવી રીતે તે સિડીરૂપ બને છે એ વાત અહીં આકલિત કરી છે. તુકારામ દ્વૈત-અદ્વૈત બંનેનો ઉપાસક છે. દ્વૈત દ્વારા જ અદ્વૈતને પામી શકાય છે અને દ્વૈતની ઉપાસના જ અદ્વૈત તરફની ગતિને પરિપુષ્ટ કરી શકે એવી અભિવ્યકિત તુકારામનું તત્ત્વજ્ઞાન પ્રબળપણે વ્યકત કરે છે. બંને બાબતો ખૂબ જ રસાત્મક રીતે તુકારામમાં જોવા મળે છે. તુકારામ આ બંનેમાંથી કોઈનો છેદ ઉડાવતો નથી. અખો તેની 'અખેગીતા'માં દ્વૈતનો છેદ ઉડાવીને અનેક દ્દષ્ટાંતોથી નિરાકાર સત્ય અને સાકાર સત્યને સમજાવે છે. તુકારામ બંનેને સત્ય ગણાવે છે. દ્વૈત અને અદ્વૈત બંને પોતાની રીતે, પોતાને સ્થાને સાચા છે. અખાના મતે ब्रह्म सत्य जगन्मिथ्या (બ્રહ્મ જ સત્ય છે, જગત મિથ્યાં છે) છે તો તુકારામ ब्रह्म सत्य, जगत सत्य એવી સમજણ આપે છે. જોકે અંતે તો તુકારામ અદ્વૈત તરફ જાય છે એ પણ એટલું જ સાચું છે. અખો બ્રહ્મ સત્ય જગત મિથ્યાં કહીને આ મિથ્યાત્વ એટલે શું તે વિગતે અને ઊંડાણથી સમજાવે છે. તુકારામ વિઠ્ઠલનાં સગુણ સાકાર રૂપે આકારનું અવલંબન લઈને પરબ્રહ્મને ભજે છે. તેનામાં શ્રદ્ધાનું સ્થાન એટલે શ્રીહરિ-વિઠ્ઠલ છે. તુકારામની શ્રદ્ધા પથ્થરની મૂર્તિમાં પણ આરોપિત થાય છે અને પથ્થરથી બનેલા વિઠ્ઠલનાં સગુણ રૂપને ભજે છે. અહીં તુકારામ માટે સાકાર બ્રહ્મનું વિઠ્ઠલ સ્વરૂપ એ ચરમ સીમા કે અંતિમ પરિણામ નથી પણ સાકારની ઉપાસનાનાં માર્ગથી પરબ્રહ્મ સુધી ચોક્કસ પણે પહોંચી શકાય છે એમ તે માને છે. અહીં તુકારામની આ વિચારસરણી સાથે સુસંગત એવી કવિ સુન્દરમ્‌ની આ કવિતા એકદમ બંધબેસતી આવે છે.

આ કવિતામાં કવિ સુન્દરમે્ કોઈપણ પદાર્થમાં વસતા અદ્વૈતને નમવાની વાત કરી છે. બાહ્યરૂપે દેખાતા પદાર્થનું રુપ તો સગુણ-દ્વૈત હોય છે પણ સાચો જ્ઞાની સામે દેખાતી વસ્તુ કરતાં કોઈપણ વસ્તુની આરપાર દેખાતાં જગત સામે જોતો હોય છે એવો ભાવ આ કવિતામાં વ્યકત થયો છે.

– ''નમું તને, પથ્થરને ? નહીં, નહીં,
શ્રદ્ધા તણા આસનને નમું નમું :''[૧]

અહીં મધ્યકાળનાં તુકારામ અને વીસમી સદીના પૂર્વાર્ધનાં ગુજરાતી કવિ સુન્દરમ્ એક જ ભૂમિકાએ વિચારતા દેખાય છે. તેઓ સગુણની ઉપાસના દ્વારા નિરાકારનાં આત્માનો સાક્ષાત્કાર

૧. ચૂંટેલી કવિતા : સુન્દરમ્, ચયન-ચંદ્રકાંત શેઠ, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, બીજી આવૃત્તિ-૨૦૦૪, પૃ.૪૩

કરવાની વાત કરે છે. તેમાં ભક્તિ-કે જ્ઞાન એ સાધનરૂપ છે, માર્ગ છે આકાર રહિત એવા નિરાકારને ચિત્તમાં રાખીને ઉપાસના કરવાનું કામ કઠીણ હોવાથી તુકારામે આકારનાં મહત્વને સ્વીકાર્યું છે. અને એ દ્વારા જ નિરાકારના ચરમ પરિણામને આવકારે છે.

હવે આ સંદર્ભે અખાને તપાસીએ તો પહેલા અખાનું તત્ત્વચિંતન કેવા પ્રકારનું હતું તે તપાસવું પડે. મુખ્યત્વે ધર્મ અને ધર્મગ્રંથોને વસ્તુ તરીકે સ્થાપી તેનાં આધારે રચાયેલાં મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં કેવલાદ્વૈત અને શુદ્ધાદ્વૈત પરંપરાનો પ્રભાવ વિશેષ રૂપે જોવા મળે છે. તેમા અખો જુદો જ તરી આવે છે. જ્ઞાનીના અભિનિવેશથી તેણે કવિતા લખી છે. અખેગીતા, અનુભવબિન્દુ, પંચીકરણ, ચિત્તવિચાર સંવાદ જેવા વેદાન્ત શાસ્ત્રના વિવરણ કરતા કાવ્યો તેણે રચ્યા છે હવે પ્રશ્ન એ થાય કે ''અદ્વૈત દર્શન એટલે શું ? - ભારતીય તત્ત્વજ્ઞાનની પરંપરામાં સાંખ્ય, યોગ, વૈશેષિક ન્યાય મીમાંસા અને વેદાંત જેવા ૬ દર્શનોની વાત કરવામાં આવી છે. તેમા છઠ્ઠું વેદાંત અદ્વૈત-સિદ્ધાંતનું પ્રતિપાદન કરે છે. વેદનો અંત ભાગતે વેદાંત, તેમાં વેદનો અર્થ-સિદ્ધાંત પણ સમાયેલા છે. 'બ્રહ્મસૂત્ર'માંથી શંકરાચાર્ય કેવાલાદ્વૈતનો, રામનુજે વિશિષ્ટાદ્વૈતનો, વલ્લભાચાર્યે શુદ્ધાદ્વૈતનો અને માધવાચાર્યે શુદ્ધ દ્વૈતનો સિદ્ધાંત ફલિત કરી બતાવ્યો છે. નિમ્બાર્કે દ્વૈત અને અદ્વૈતનો સમન્વય કરીને દ્વૈતાદ્વેત સિદ્ધાંત ઉપસાવેલો છે.''[૨] અખા ને મન પણ પરમાત્મા એક જ છે. જીવ માત્ર મિથ્યાં કરતો અખો લૌકિક વહેમો, માન્યતાઓ, રૂઢિઓ, કર્મકાંડ, વર્ણાશ્રમનાં ભેદમાં માનતો નથી. તે આ તમામને મનની માયાની પેદાશ તરીકે ઓળખાવે છે. સ્વર્ગ-નર્કની વાતો એને ભ્રામક લાગે છે એને મન ફક્ત બ્રહ્મનાં અસ્તિત્વ સિવાય જગતમાં કશુંય નથી. મનુષ્યએ આ અનંત, અવ્યકત, અગાધ, અખંડ એવા સર્વવ્યાપી બ્રહ્મને મનુષ્યએ ઓળખવાનું છે. બ્રહ્મને જાણ્યા પછી કશું જાણવાનું બાકી રહેતું નથી. બ્રહ્મને જાણનારો સચ્ચિદાનંદ બ્રહ્મ જ બની રહે છે, એનું અલગ અસ્તિત્ત્વજ ભૂંસાઈ જાય છે.

અખાનું તત્ત્વચિંતન એ કોઈ વાદ નથી, પરંતુ એક બ્રહ્મવેત્તાના વસ્તુ-સાક્ષાત્કારમાંથી આવેલું શાશ્વત પ્રજ્ઞાન છે. અખાનાં તત્ત્વચિંતનો વિશિષ્ટ પરિચય તેની સાખીઓમાંથી વ્યકત થતો જોવા મળે છે. પોતાની સાખીઓમાં અખો કહે છે કે ઈશ્વર નથી તેમ જ જીવ પણ નથી. પરંતુ અનાદિ, અનંત પરમાત્મા સાથે પિંડ અને બ્રહ્માંડનાં દ્વૈતથી પર, સર્વને ધારણ કરનાર અખિલ વિશ્વાત્માની અલૌકિક ભૂમિકા એ મારું ઘર છે. સર્વાતીત મારો પંથ છે મારી અંદર રહેલો આત્મા એ મારો ગુરુ છે. અખાની આટલી ભૂમિકાઓ જોયા પછી તેનાં કેટલાંક વિશિષ્ટ સંબંધો વિશે જાણવું જરૂરી બને છે. જેમકે

''**''પરમાત્મા-પરબ્રહ્મ''** - અનાદિ, અનંત પરમતત્વ અથવા પરમાત્મા દૂર નથી. બધે છે, બધામાં છે અજ્ઞાનીને માટે તે દૂર છે જ્યારે જ્ઞાનીને તે હાજરાહજૂર છે. જીવ, જગત અને ઈશ્વરની ત્રિપુટી રૂપે માત્ર બ્રહ્મ જ છે. જે ખંડ દેખાય છે તે મનરચિત છે. બ્રહ્મ પૂર્ણ છે, અખંડ છે. એમાં દ્વૈત છે જ નહીં. તે નિરંજન છે, નિર્વિકારી છે. તેમાં કોઈ વિક્રિયા સંભવતી નથી, સદાય જ્યમનું ત્યમ રહે છે. વિકારમાત્રનું મૂળ મનમાં છે બ્રહ્મ સૌનું આદિ અને અંત છે. પરમાત્મા એજ ખરું અસ્તિત્વનું તત્વ છે એમ અખો માને છે.

---

૨. અભિજ્ઞાન, લે. ધીરુભાઈ ઠાકર, ગુજરાત સાહિત્ય અકાદમી અમદાવાદ, પહેલી આવૃત્તિ-૧૯૯૮, પૃ.૨૮

''આત્મા-જીવ'' - આત્મા અને પરમાત્મા વચ્ચે કોઈ સાંધો નથી બંને વચ્ચે કાગળની કાપલી મૂકવા જેટલું અંતર પણ નથી. અવસ્થાભેદને કારણે ભિન્નતા ભાસે છે. આત્મા એ વસ્તુતઃ પરમાત્મા છે. આમ, અખાનો તત્વસિદ્ધાંત આત્મા-પરમાત્માની એકતા ઉપર નિર્ભર રહેલો છે. કર્મને કારણે આત્મા જીવભાવને પ્રાપ્ત કરે છે. જીવ એટલે વાસનાઓથી રજોટાયેલો આત્મા.

જગત : અખાની તત્ત્વદષ્ટિએ જોઈએ તો જગતને જોવાની બે દષ્ટિ છે. એક પોતદષ્ટિ અને બીજી ભાતદષ્ટિ, પોતદષ્ટિએ જોઈએ તો જગત બ્રહ્મ જ છે બ્રહ્મ પોતે જ અનંત નામરૂપ ધારણ કરીને વિલસે છે. આ નામરૂપાત્મક ચેતનાને જગત કહેવામાં આવે છે. ભાતદષ્ટિએ જોઈએ તો જગત પરિવર્તનશીલ છે.

અખો કહે છે કે જગતનું આદિ અને અંત નથી, તે માત્ર વચ્ચે જોવા મળે છે. માત્ર મધ્યવ્યક્તિ છે. તેથી તે મનની કલ્પના છે. એનો અર્થ એવો થાય કે જગત એટલે બ્રહ્મનું પ્રગટીકરણ, સર્જન નહીં પેદા કરવામાં આવેલી વસ્તુ નહી, સૃષ્ટિ નહી કારણ કે, અખાનાં જ શબ્દોમાં

- ''વિશ્વ નિયંતા જો બે કહેવાય,
  તો અખંડ બ્રહ્મની ખંડણા થાય.'' (છપ્પો-૪૪૫)

અખો સૃષ્ટિવાદમાં માનતો નથી પણ દષ્ટિવાદમાં માને છે. જેવી દષ્ટિ તેવી સૃષ્ટિ. વસ્તુતઃ જગત અને બ્રહ્મ એવા બે અલગ પદાર્થો નથી. પરમાત્મા જો સર્વવ્યાપી હોય તો તે પોતાનામાં પણ છે એટલે તેને બહાર શોધવા જવાની જરૂર નથી. સ્વસ્વરૂપનું કેન્દ્રસ્થાન પોતાની અંદર છે એટલે પોતાની જાતને સમજવામાં જ અખાનો સાધના-પર્વ શરુ થાય છે. આ અંગે અખો કહે છે કે,

- ''જ્યમ-ત્યમ કરી સમજવો મર્મ, હું તે શું ચૈતન્ય કે ચર્મ ?
  એ સમજવું પહેલું જને, પછી ઘેર રહેજે કે જાજે વન.
  અખા રામ નથી ઘેર કે વને, જ્યાં મળે ત્યાં પોતાને કને'' (છપ્પો-૬૧૪)''[૩]

અખાની તત્ત્વદષ્ટિએ વાસનાઓથી ઘેરાઈને, સ્વને ભૂલી જવું એવી અવસ્થા બંધન છે. વાસનાઓથી, દેહભાવનાથી છૂટકારો મેળવવો, પોતે શરીર નથી પણ આત્મા છે, ખુદ પરમાત્મા સ્વરૂપ છે તેનુ ભાન થવું એજ મોક્ષ છે.

જીવ-શિવની એકતા અને અભેદનો ઉપદેશ આપતો અખો ઉદ્‌બોધનની જુદી જુદી ભૂમિકાએ રહીને તત્ત્વદર્શન કરાવે છે, અખો અધ્યાત્મ માર્ગમાં એક પછી એક સોપાન ચઢી 'અનુભવ'ની આખરી ઊંચાઈ સર કરે છે. અખો કોઈ વાદ કે મતનો પુરસ્કર્તા નથી. અનુભવબિંદુનાં પોતાના સંપાદનમાં ''પ્રો. રવિશંકર જોષી 'અખાના અજાતવાદ' ને સમજાવતા કહે છે કે, જગત સર્જાયું નથી, છે પણ નહિ,

૩.ગુજરાતી વિશ્વકોશ, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, પૃ.૩૫-૩૬

હવે કાંઈ થવાનું નથી. સર્વત્ર કોઈ શાંત સાગર પેઠે સભર ચૈતન્યમય બ્રહ્મ જ ભર્યો છે. તેમાં કોઈ ફેરફાર થયો નથી. હું નથી, તમે નથી, પૃથ્વીનથી, સ્વર્ગ નથી, બ્રહ્મા નથી, સર્જનનો ઉદય નથી, અંત નથી, કામ નથી, ભાવિ નથી, જેમ છે એમ સર્વત્ર સભર બ્રહ્મ ભર્યો છે- ભ્રાંતિથી જ આ જગત કે બ્રહ્માંડનું દશ્ય દેખાય છે.''[૪]

અખો કોઈ ચોક્કસ વાદ કે સંપ્રદાયને વખાણવાં કે વખોડતા કશુંય પ્રસ્થાપિત કરતો નથી. એનો કોઈ પણ આગ્રહ નથી. વેદાંતના શુદ્ધાદ્વૈત અને કેવલાદ્વૈત દૃષ્ટિબિંદુઓ એની રચનાઓમાંથી મળી આવે છે. એનાં દષ્ટાંતો અને ઉપમાઓ ઉપરથી કોઈખાસ વાદ પ્રગટ થતો નથી. છતાંય જેને જે વાદ જોવો હોય તે જોઈ શકે એવું એનું સર્વ સારગ્રાહી નિરૂપણ રહ્યું છે.

અખાએ 'तत् त्वं असि' એ ઉપનિષદનાં મહાકાવ્યનનો મર્મ સમજાવી બ્રહ્મભાવની અને બ્રહ્મપદની પ્રાપ્તિની જ વાત કરી છે. એનો મૂળ મંત્ર 'સોડહં' અને મંત્ર દ્વારા જ આત્મસાક્ષાત્કાર કરીને એણે બ્રહ્મનું નિરૂપણ કર્યુ છે. હવે અખાની આ 'સોહમં'ની સમજૂતી તુકારામ સાથે કેવી મળતી આવે છે તે જોઈએ. તુકારામે તેમના આ અભંગમાં,

– ''अनुहाती गुंतला नेणे बाह्यरंग ।
वृत्ति येतां मग बळ लागे ॥
मदें माते तया नाहीं देहभाव ।
आपुले अवयव आवरितां ॥
आणिकांची वाणी वदे तेणें मुखें ।
उपचार दुःखे नाठवती ॥
तें सुख बोलतां आश्चर्य या जना ।
विपरीत मना भासतसे ॥
तुका म्हणे बाह्यरंग ते विटले ।
अंतरी निवाले ब्रह्मरसे ॥''[૫] (૧૦૩૯)

અનાહત નાદની વાત કરી છે તે કહે છે કે હૃદયની અંદર એક સરખી રીતે સોડહં સોડહં એવો જે ધ્વનિ થાય છે તેને જ અનુહત અથવા અનાહત નાદ કહેવાય તે ધ્વનિનાં સૂચક અર્થના ચિંતનમાં જેની વૃત્તિઓ અંતર્મુખી બનીને તદ્રુપ થઈ જાય છે, તેને બાહ્ય દેહાદિ પ્રાપંચિક જગતનું ભાન કરાવતાં ઘણું કષ્ટ પડે છે. જે આનંદના પૂરમાં ડૂબકી મારીને તદ્દન મસ્ત બનીને સુખનાં નશાથી ચકચૂર બની ગયો છે, તેને પોતાના દેહનું ભાન જ કયાંથી રહે ? જેના મુખમાંથી સદાકાળ પ્રપંચથી રહિત પરબ્રહ્મનું જ નામસ્મરણ થયા જ કરે છે, તેને બાહ્ય સુખ દુઃખાદિનું જ્ઞાન પ્રાપ્ત થતું જ નથી. જેની

૪. અખો- એક અધ્યયન, લે. ભૂપેન્દ્ર બી. ત્રિવેદી, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, બીજી આવૃત્તિ-૨૦૦૨, પૃ. ૭૫

૫. સાર્થ શ્રી તુકારામચી ગાથા, સંપાદક : શ્રી વિષ્ણુબુવા જોગ મહારાજ, ભીખાજી ઢળવે પ્રકાશન, પંદરમી આવૃત્તિ-જુલાઈ-૨૦૦૩ અભંગ નં. ૩૯૯૦-૩૯૯૧ પૃ. ૨૧૨

બ્રહ્માનંદની અનુભૂતિ એવી ગાઢ હોય છે કે તેમાં વૈષયિક સુખ દુઃખાદિના સંસ્કારને માટે જરાપણ અવકાશ રહેતો નથી. એવાનાં આનંદાભવનું જો હું લોકો સમક્ષ વર્ણન કરવા બેસુ તો તેમને ઘણી નવાઈ લાગશે. તુકારામ કહે છે કે તેને દેહાદિ બાહ્ય રંગો હોય છે પણ તેમના અંતઃકરણ પરબ્રહ્મના આનંદમાં તરબોળ થઈ ગયેલા હોય છે, એવો આ 'સોડહં' નાદનો પ્રભાવ છે.

બ્રહ્મની અચિંત્ય શક્તિ તરીકે અખા અને તુકારામે માયાને દર્શાવી છે અને માયાનું પ્રાબલ્ય સમજાવ્યું છે પણ તેનાથી આ સર્જકો માયાવાદી નથી બની જતા એધ્યાનમાં રાખવું જરૂરી છે. અખો કહે છે કે 'માયા તો બહુ મોટી ઠગીણી' છે તો તુકારામે પણ જીવને માયાનાં બંધનોથી મુક્ત થવા માટે અનુરોધ કર્યો છે. આમ જીવ અને બ્રહ્મનાં ઐકયમાં માયા આડખિલી ઉભી કરે છે તેથી માયાનાં વળગણોમાં ફસાવું જોઈએ નહી એ વાતે બંને જ્ઞાનીઓ સંમત થાય છે. બીજું, એકમાત્ર બ્રહ્મ સિવાય અન્ય કશાનું અસ્તિત્વ આ તત્વજ્ઞાનીઓએ સ્વીકાર્યું નથી અને 'એક' શબ્દ પણ સાપેક્ષ છે. બીજું કંઈક હોયતો એ 'આ એક' એમ કહી શકાય તેથી ફક્ત બ્રહ્મની વાતને સ્વીકારનારો અખો 'કેવળ બ્રહ્મવાદી'-બ્રહ્મમાં જ માને છે. બ્રહ્મ સિવાયનાં બીજા કોઈનું અસ્તિત્વ તે સ્વીકારતો નથી. બ્રહ્મ વસ્તુને તે શૂન્ય તરીકે ઓળખાવે છે. તેમાં પ્રણવની ઓમ્કારની ત્રણ ગુણોની સૃષ્ટિ રચાય છે. તેનાં આ ત્રણ ગુણો એટલે-સત્વ, રજસ અને તમસ. આત્રણમાંથી મહાભૂતોની સૃષ્ટિ સર્જાય છે. અખાનાં કહેવા પ્રમાણે, માયા 'અણછતી' એટલે બ્રહ્મમાં છૂપાયેલી રહે છે પછી બ્રહ્મયનું તેજ માયામાં પડતા માયા આ ૐકાર દ્વારા સૃષ્ટિ સર્જન કરે છે. એટલે કે ૐકાર પણ માયાની વશમાં રહે છે. અખો કહે છે કે,

– ''ઓંકાર જાણો ત્રિવર્ગ, તત્ત્વ બધાં તેના ઉપસર્ગ,
તે ઓંકાર અચિન્ત્યે અંકોર, ત્રિધા થાય અવાચ્યને જોર.''

માયાનાં આદેશથી આવું સત્ત્વ રજસ્ અને તમસ્ વાળું ત્રિગુણ સ્વરૂપ ધારણ કરી વિશ્વની ઉત્પત્તિ કરવાનું કામ ૐકાર કરે છે.''[૬] ૐકારની પોતાની વિચારધાર વ્યક્ત કરતા તુકારામ કહે છે કે,

– ''हरिःॐ तस्सदिति सूत्राचें जें सार ।
कृपेचा सागर पांडुरंग ॥
हरि ॐ दत्त उदात्त अनुदात्त ।
प्रचुररहित पांडुरंग ॥
सर्वस्व व्यापिलें सर्वां होऊनी निझळें ।
वेदाचे जें मुळ तुका म्हणे ॥ ३२७१''[૭]

૬. સાહિત્યકાર અખો, ખુશાલચંદ, ગ્રંથમાળા, પ્રેમાનંદ સાહિત્ય પરિષદ, વડોદરા,નવસંસ્કારિત આવૃત્તિ-૧૯૭૪, પૃ. ૧૫૨
૭. સાર્થ શ્રી તુકારામચી ગાથા, સંપાદક : શ્રી વિષ્ણુબુવા જોગ મહારાજ, ભીખાજી ઢળવે પ્રકાશન, પંદરમી આવૃત્તિ-જુલાઈ-૨૦૦૩ અભંગ નં. ૩૯૯૦-૩૯૯૧ પૃ.૬૮૦

અર્થાત્ ''હરિઃૐ તત્ સત્ આ ત્રણ રૂપ-વેદત્રયી રૂપ સૂત્રોનો સાર કૃપાના સાગર પરમાત્મા પાંડુરંગ છે. ૐ વગેરે અક્ષરોનો ઉચ્ચાર ઉંચે સ્વરે અને મધ્યમ સ્વરે કરવાથી જે શુભ પરિણામ નીપજે છે તે જ સાક્ષાત્ પાંડુરંગ છે. તુકારામ કહે છે કે, હરિનું સ્વરૂપ પદાર્થમાત્રમાં વ્યાપી રહેલું છે, છતાં તે પોતે અસંગ અને અલિપ્ત છે અને તેજ વેદોનું મૂળ છે.

અરૂપ બ્રહ્મ સૃષ્ટિના વિવિધ રૂપો ધારણ કરે છે, અને મનુષ્યને લોભાવે છે. બ્રહ્મ તો દર્પણ સમાન છે. માયા વડે એમાં પ્રતિબિંબો પડે છે અને એકમેકની મદદથી અનંત થાય છે અને એ રીતે સંસાર અસ્તિત્વમાં આવે છે જેમ સામસામા બે દર્પણો ગોઠવીએ તો એકબીજામાં તેમનાં પ્રતિબિંબો પડીને પ્રતિબિંબોની એક સૃષ્ટિ રચાય છે. તેવી જ રીતે બ્રહ્મરૂપી દર્પણમાં માયાશક્તિને કારણે મિથ્યા પ્રતિબિંબોની એક આખી સૃષ્ટિ રચાય છે. પણ तत्त्वतः તો તે અભાસી છે. હકીકતમાં તો એક માત્ર બ્રહ્મ્પદાર્થનું જ અસ્તિત્ત્વ છે. જેનું અસ્તિત્ત્વ જ નથી એવી માયા એની વિવિધ રૂપલીલાઓને કારણે મિથ્યા હોવા છતાંય વાસ્તવિક ભાસે છે. પોતાની આ વાત સમજાવવા માટે અખાએ 'કૈવલ્યસૂર તપે સદા, મોટા મંદિર બહાર,' જેવી પંક્તિઓમાં માયાના અનંત, બહુરંગી એવા અનેકવિધ રૂપોને સમજાવી પોતાનું અદભુત કવિ સામર્થ્ય વ્યકત કર્યું છે. માયાના હાથમાં ન આવે એવા રૂપને પણ અખાએ અલૌકિક ઉપમા દ્વારા સ્પર્શક્ષમ બનાવ્યું છે. આ જગતની બધી દ્રશ્ય વસ્તુઓ માયા વડે રચાયેલી છે, અને તે નાશવતં છે. પણ બ્રહ્મ સામે માયા કશું કરી શકતી નથી. માયાની આ આભાસી લીલાનો અંત આવે ત્યારે જ પોતાનું સાચું સ્વરૂપ એટલેકે બ્રહ્મસ્વરૂપ એટલેકે બ્રહ્મસ્વરૂપ ઓળખી શકાય છે, એવો મત અખો વ્યકત કરે છે.

તુકારામ મુખ્યત્ત્વે તો ભકત હતા. ભક્તિની સાથે સાથે તેમણે ભાગવત ધર્મનું અદ્વૈત તત્ત્વજ્ઞાન પણ આત્મસાત કર્યું હતું. તેઓ શ્રી વિઠ્ઠલની સર્વ વ્યાપકતા ઉપર ભારે આસકત હતા. પણ તે છતાંય વિઠ્ઠલની મૂર્તી એટલેજ વિઠ્ઠલ એવી તેમની ભાવના નહોતી, કારણ કે તેમની ભક્તિ એ આંધળી ભક્તિ નહોતી પણ જ્ઞાનપૂર્ણ ભક્તિ હતી. તુકારામ કહે છે કે ત્રિભુવનમાં વ્યાપક એવા શ્રી હરિનાં પગલા જ મને સર્વે વ્યાપી રહેલા દેખાય છે. ભેદ-અભેદ, દ્વૈત-અદ્વૈત વગેરે વિષયો ઉપર જે ભ્રામક ચર્ચાઓ કરે છે એવા પંડિતો અને પાંડિત્ય સાથે મારે કોઈ લેવાદેવા નથી. હું તો એક જવાત જાણું છું કે તું અણુઅણુમાં વ્યાપેલો છું અને આકાશ કરતા પણ મોટો છું. તું જ વિશ્વમાં બધે વ્યાપી રહ્યો હોવાને કારણે અને હું તારાથી ભિન્ન નથી માટે હું પણ હવે ''अणु रेणुया थोकडा तुका आकाशाएवठा। (૧૯૯૩)'' અણુ- અણુથી યે નાનો અને આકાશ કરતા પણ મોટો એવો થયો છું. તુકારામ કહે છે કે જ્યારે વૃત્તીઓ ઉત્પન્ન થાય છે ત્યારે દ્વૈતનો આરંભ થાય છે. દ્વૈતની વાત કરવા માટે તુકારામ પહેલા અદ્વૈતને સમજાવે છે.

– ''न करी रे संग राहें रे निश्चंल।
लागो नेदी मके मळतेचा॥''(૧૧૨) જેવા અભંગમાં તુકારામનો અદ્વૈત

બ્રહ્મજ્ઞાનનો અનુભવ પ્રગટ થયો છે. તે કહે છે કે જ્યારે મનમાં વૃતિ રહિત, અવિચળ એવી શાંત અવસ્થા સ્થપાય છે ત્યારે તેમાં નિર્ગુણ પરબ્રહ્મ જ રહેલું જોવા મળે છે. આ અનુભવ લીધા વગર જે અદ્વૈતનાં વિવેચનો કરે છે તે માત્ર બડબડ કરે છે એવું સમજવું. જ્યારે આપણી તમામ ઈન્દ્રિયો સ્વાધીન થઈ જાય, બધી વાસનાઓનો ક્ષય થઈ જાય, મન ઉપર કોઈ વૃત્તિ નો ભાર ન રહે ત્યારે એવી અંતરની આનંદમય અવસ્થા એટલેજ બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિનો બ્રહ્માનંદ એમ કહી શકાય. એ સમયે જ્ઞાતા-જ્ઞેય-જ્ઞાન જેવી વૃત્તિઓ નાશ પામે છે અને દ્વૈત રહિત શાંત, નિર્વિષય, આનંદમય જ્ઞાનસ્વરૂપ જ પરબ્રહ્મ માત્ર બાકી રહે છે. તુકારામ કહે છે કે આવા આ નિર્ગુણ નિરાકાર પરબ્રહ્મ પરમાત્માને અમે એટલે કે ભકતોએ ભક્તિ દ્વારા મેળવ્યો છે. જેનાં અંતનો કોઈ પાર નથી. વર્ણ-કુળ-જાતિ, હસ્ત મસ્તકાદિ જેવા અવયવો નથી એવો નિર્ગુણ પરબ્રહ્મ ભકતોનાં સુખ માટે સક્રિય થઈને સાકાર થયો છે. (શ્રી વિઠ્ઠલ રૂપે)

– ''कव्यजता अलक्षा, अपारा, अनंता।
निर्गुणा– सत्त्यिया नारायणा।।'' (૭૦૦) જેવા અભંગમાં તુકારામે પરબ્રહ્મને કે જે નિર્ગુણ- નિરાકાર છે તેને અવ્યકત, અલક્ષ, અપાર, અનંતની ઉપમાઓ દ્વારા સમજાવ્યું છે.

તુકારામ ભક્તિ માર્ગી છે તેથી પરબ્રહ્મને વેણ ઈશ્વરનાં રૂપ તરીકેં જુએ છે. તે કહે છે કે જે પ્રમાણે ભકતનાં મનમાં ભાવ હોય તે પ્રમાણે પરબ્રહ્મ પોતાનું રૂપ ધારણ કરે છે. નારાયણભક્તિની કૃપાથી આપણી સમક્ષ નામરૂપે આવીને દર્શન આપે ત્યારેજ ભકતને તેનું જ્ઞાન થાય છે. તુકારામને પરમાત્મ સ્વરૂપનું જ્ઞાન ભકિતમાર્ગે થયું હતું. કમર્ગયોગ કે ભકિતયોગ છેવટે તો આત્મજ્ઞાનમાં જ કેન્દ્રિત થતું હોય છે. તુકારામે પરબ્રહ્મને સદૈવ શુદ્ધ તત્ત્વ તરીકે ઓળખાવ્યું છે. તે કર્મ-અકર્મ, પાપ-પુણ્ય જેવા દ્વંદ્વોમાં સપડાતું નથી. તેને વૃત્તિનો મેલ લાગતો નથી.

– सगुण की साकार निगुर्ण की निराकार।
न कळे हा पार वेदां श्रुती।। (૧૮૩૪)

અહી પરબ્રહ્મને ઉદ્દેશીને જ તુકારામ કહે છે કે તું સગુણ છે કે નિર્ગુણ, સાકાર છું કે નિરાકાર તેનો પાર તો વેદો પણ પામી શકયા નથી. અનંતકાળથી વેદ, શાસ્ત્રો, પુરાણો, સત્પુરુષો બધા મળીને કહે છે કે વિશ્વમાં વિશ્વંભર વિલસી રહ્યો છે. જગતમાં જગદીશ છે. જનતામાં જનાર્દન છે અને સર્વ વિશ્વ નારાયણથી વ્યાપેલુ એવું છે. જેમ વિશ્વવ્યાપી હોવા છતાંય સૂર્યને વિશ્વનાં કોઈ ગુણદોષ લાગુ પડતા નથી તેવી રીતે તુકારામ પણ આ વિશ્વમાં, જનતામાં રહીને અલિપ્ત પણે જીવનનો ખેલ ખેલી રહ્યા છે એવો ભાવ વ્યકત કર્યો છે.

જીવ- બ્રહ્મનાં ઐકયને સમજાવતા તુકારામ કહે છે કે જેમ સૂર્ય અને કિરણ, ખાંડ અને તેનું ગળપણ, ઘંટડી અને તેનો રણકાર- એકબીજાથી ભિન્ન કરી શકાતા નથી તેવી જ રીતે ભકતને ભગવાનથી અળગો કરી શકાતો નથી. જીવ જ શિવ છે તેથી તેનો અંત નથી. જીવ આત્મારૂપે હંમેશા

અનંત, અમર અને અવિનાશી રહે છે. પરબ્રહ્મથી જુદો એવો સંસાર, નિર્માણ થયો જ નથી. તેવી જ રીતે જીવ પણ કયારેય પરબ્રહ્મથી છૂટો પડયો નથી માટે તેને 'अहं ब्रह्मास्मि' મહાવાકયનો અર્થ પ્રાપ્ત થયો છે. હું પોતે જ બ્રહ્મ છું એવી સમજણ મેળવ્યા પછી 'तत्त्वमसि' એ બ્રહ્મ તુ જ છે. એ મહાવાકયનો બોધ થયા બાદ તુકારામને બ્રહ્માનંદની અનુભૂતિ થઈ અને તે પરબ્રહ્મ સાથે એકરૂપ થયા. જીવ-બ્રહ્મ ઐકયનો સિદ્ધાંત ઉપનિષદોના આ બે વાકયોથી તુકારામે પોતાની આગવી શૈલીમાં વ્યકત કરીને સમજાવ્યો છે. અદ્વૈતી એવા તુકારામનાં પરબ્રહ્મ, પરમાત્મા જીવ-શિવ ઐકય, માયા બંધન જેવા વિષય પરત્ત્વેનાં વિચારો તેમણે પોતાની અભંગવાણીમાં વ્યકત કરીને પોતાનું તત્ત્વજ્ઞાન સરળ-સુંદર ઉદાહરણો દ્વારા વ્યકત કરી આપ્યું છે.

અખાએ તત્ત્વજ્ઞાન સમજાવવામાં ખોટો વાગ્- વિલાસ કર્યો નથી પણ પોતાનાં વિષયને એવી આગવી ભાષાશૈલી અને વાક્છટાથી નિરૂપ્યો છે કે ગુજરાતનાં સંત અને જ્ઞાની ભકત કવિઓમાં એની નજીક પહોંચી શકે એવું સ્થાન કોઈ મેળવી શકે તેમ નથી. આ સાથે અખો જ્ઞાની, કવિ, સંત એમ તમામ રૂપે પ્રકટ થાય છે તે સ્વીકારવું પડે.